
# પ્રાચીન સ્તવનાવલી

## શ્રી ચંદ્રપ્રભુ સ્વામી

૮





# નમસ્કાર મહામંત્ર મહિમા

સમરો મંત્ર ભલો નવકાર,
એ છે ચૌદ પૂર્વનો સાર;
એના મહિમાનો નહિ પાર,
એનો અર્થ અનંત અપાર.૧
સુખમાં સમરો, દુઃખમાં સમરો,
સમરો દિન ને રાત;
જીવતા સમરો, મરતાં સમરો,
સમરો સૌ સંગાથ.૨
જોગી સમરે ભોગી સમરે,
સમરે રાજા રંક;
દેવો સમરે, દાનવ સમરે,
સમરે સૌ નિશંક.૩
અડસઠ અક્ષર એના જાણો,
અડસઠ તીરથ સાર;
આઠ સંપદાથી પરમાણો,
અડસિદ્ધિ દાતાર.૪
નવ પદ એના નવનિધિ આપે,
ભવોભવનાં દુઃખ કાપે;
"ચંદ્ર" વચનથી હૃદયે વ્યાપે,
પરમાતમ પદ આપે.૫

# પ્રાચીન સ્તવનાવલી

## ૮

## શ્રી ચંદ્રપ્રભુસ્વામી

**: પ્રાપ્તિ સ્થાન :**

શ્રી હસમુખભાઈ ચુડગર
૨૦૨-૨૦૩, ચીનુભાઈ સેન્ટર,
અમદાવાદ - ૩૮૦ ૦૦૯.

પ્રત : ૧૦૦૦ મૂલ્ય : શ્રદ્ધા ભક્તિ

# પ્રાસ્તાવિક

પરમાત્મ ભક્તિનાં અજોડ આલંબને જીવ બાહ્યદશાથી મુક્ત થઈ અંતરાત્મદશા દ્વારા પરમાત્મ દશાને સહજતાથી પામી શકે છે. પૂર્વ મહાપુરૂષોએ ભક્તિના ક્ષેત્રે જે કૃતિઓનું યોગદાન કર્યું છે. તે પૈકી પ્રત્યેક જીનેશ્વર દેવોનાં પ્રાચીન લગભગ બધાજ પ્રાપ્ય સ્તવનોનો સ્વતંત્ર રીતે જુદી જુદી આ લઘુ પુસ્તિકામાં સમાવેશ કર્યો છે.

આ સ્તવનોનાં રચયિતાઓએ પરમાત્મ ભક્તિની જે મસ્તિ માણી છે તેનો યત્કિંચિત રસાસ્વાદ પ્રાપ્ત કરવા આ પુસ્તિકાનો ઉપયોગ કરીશું તો અર્થગાંભીર્ય યુક્ત આ પ્રભુભક્તિ-આત્મિક શક્તિ પ્રગટાવી મુક્તિને નજીક લાવવામાં સહાયક થશે.

ગચ્છાધિપતિ આચાર્ય વિજય
રામસૂરીશ્વરજી મહારાજ સાહેબ (ડહેલાવાળા) ના
ગુરૂકૃપાકાંક્ષી શિષ્ય જગચ્ચન્દ્રસૂરિ

# પ્રભુભક્તિ

પ્રભુને રોજ ભજવા છતાં આનંદની મસ્તિ અનુભવાતી નથી તેનું કારણ પરમાત્માને ઓળખવામાં હજી આપણે ઉણા ઉતર્યા છીએ ગતાનુગતિકતાથી નહિ વાસ્તવિકતાથી પરમાત્માનું દર્શન કરીશું તો પરમાત્મભક્તિથી શક્તિ આપણને આનંદઘન બનાવી દેશે.

આ જીવે સંસારના પ્રત્યેક પદાર્થો પાછળ આંસુ પાડયા હશે તે આંસુઓ સાગરના પાણીથી પ્રણ વધી જાય પરંતુ તે આંસુની કોઈ કિંમત નથી. પ્રભુભક્તિ-પ્રભુરાગ પાછળ બે આંસુ પણ પડી જશે તો પ્રથમના બધા આંસુના સરવાળાને ટપી જશે તે ભક્તિથી આત્માની મુક્તિ નજીક આવી જશે.

ગચ્છાધિપતિ આચાર્ય વિજય
રામસૂરીશ્વરજી મહારાજ સાહેબ (ડહેલાવાળા)

# અનુક્રમણિકા


| ચૈત્યવંદન | કર્તા | પાના નં. |
|---|---|---|
| ચંદ્રપ્રભુ ચંદ્રાવતી, પુરિ | શ્રી વીરવિજયજી | ૧ |
| લક્ષ્મણા માતા જનમીયો | શ્રી પદ્મવિજયજી | ૧ |
| ચંદ્રપ્રભ જિન આઠમા | શ્રી જ્ઞાનવિમલજી | ૨ |

| સ્તવન | કર્તા | પાના નં. |
|---|---|---|
| ચંદ્રપ્રભની ચાકરી નિત્ય કરીએ | શ્રી મોહનવિજયજી | ૨ |
| ચંદ્ર પ્રભુ મુખ-ચંદ્ર | શ્રી આનંદઘનજી | ૩ |
| ચંદ્રપ્રભ-જિન ! સાહિબા રે | શ્રી યશોવિજયજી | ૪ |
| મોરા સ્વામી ! ચંદ્રપ્રભ જિનરાય | શ્રી યશોવિજયજી | ૫ |
| શ્રી ચંદ્રપ્રભ જિન-રાજીઓ | શ્રી યશોવિજયજી | ૫ |
| શ્રી ચંદ્રપ્રભ માહરાજી | શ્રી ભાણવિજયજી | ૭ |
| વદન અપૂરવ ચંદ્ર પ્રભુ તણો | શ્રી આનંદવર્ધનજી | ૮ |
| સાચો હો ! પ્રભુ ! | શ્રી લક્ષ્મીવિમલજી | ૮ |
| તું તો અ-કળ[1] સ્વરૂપી | શ્રી માનવિજયજી | ૧૦ |
| શ્રી ચંદ્રપ્રભ-સાહિબા રે | શ્રી જ્ઞાનવિમલસૂરિ | ૧૧ |
| શ્રી ચંદ્રપ્રભ ! પ્રભુ જયકારી | શ્રી ભાવવિજયજી | ૧૨ |
| ચાલોસખી રે ! પ્રભુને પૂજવા રે | શ્રી વિનયવિજયજી | ૧૩ |
| રહત નયન લલચાને દરસકું | શ્રી હરખચંદજી | ૧૩ |
| ચંદ્રપ્રભ જિન ચંદ્રમારે | શ્રી નયવિજયજી | ૧૪ |
| આનનઇંદુ સમ શોભતો | શ્રી ઋષભસાગરજી | ૧૫ |

| સ્તવન | કર્તા | પાના નં. |
|---|---|---|
| ચંદ્રપ્રભના મુખની સોહે | શ્રી ઉદયરત્નજી | ૧૭ |
| હારે ! મારે ! ચંદ્રવદન | શ્રી જિનવિજયજી | ૧૭ |
| શ્રી ચંદ્રપ્રભ જગદીશ દીપે | શ્રી જિનવિજયજી | ૧૯ |
| ઉદયો અભિનવ[1] ચંદ્રમા | શ્રી હંસરત્નજી | ૨૦ |
| શ્રી શંકર ચંદ્રપ્રભ રે લો | શ્રી મોહનવિજયજી | ૨૧ |
| ચંદ્રપ્રભની ચાકરી, મુને | શ્રી રામવિજયજી | ૨૨ |
| જિનજી ચંદ્રપ્રભ ! અવધારો | શ્રી રામવિજયજી | ૨૩ |
| શ્રી ચંદ્રપ્રભ ચિત્તથીરે, ન | શ્રી કાંતિવિજયજી | ૨૪ |
| નયણ-મટકડે મીઠડો | શ્રી ન્યાયસાગરજી | ૨૫ |
| શ્રી ચંદ્રપ્રભ જિનરાજ | શ્રી ન્યાયસાગરજી | ૨૬ |
| શ્રી ચંદ્રપ્રભ જિનરાયજી | શ્રી પદ્મવિજયજી | ૨૭ |
| ચંદ્રપ્રભ-જિન આઠમા રે | શ્રી પદ્મવિજયજી | ૨૮ |
| ચંદ્રપ્રભજિન ત્રિભુવન દીપક | શ્રી વિજયલક્ષ્મીસૂરિ | ૨૮ |
| ચંદ્રપ્રભ જિન સાહિબા | શ્રી કીર્તિવિમલજી | ૨૯ |
| ચંદ્રપ્રભ જિન ચંદ્ર તણી | શ્રી દાનવિમલજી | ૩૦ |
| ચંદ્રપ્રભા ગુણ ઊજલા, | શ્રી વિનીતવિજયજી | ૩૦ |
| એ દેખી તેરી લીલા, તેરી | શ્રી અમૃતવિજયજી | ૩૧ |
| શ્રીચંદ્રપ્રભ[1] સાહિબ મેરા | શ્રી પ્રમોદસાગરજી | ૩૨ |
| ચંદ્રપ્રભ જિનચંદ્ર, આઠમો | શ્રી ભાણચંદ્રજી | ૩૨ |
| સાહિબો મારો ! | શ્રી ખુશાલમુનિજી | ૩૪ |
| તું મનમોહન જિનજી | શ્રી ચતુરવિજયજી | ૩૫ |
| શ્રી ચંદ્રપ્રભ જિન-પદ | શ્રી દેવચંદ્રજી | ૩૫ |

| સ્તવન | કર્તા | પાના નં. |
|---|---|---|
| ચંદ્રપ્રભજીની ચાકરી રે | શ્રી જીવણવિજયજી | ૩૭ |
| ચંદ્રપ્રભ-પ્રભુને કિમ દીજે | શ્રી દાનવિજયજી | ૩૮ |
| ચાંદલીયા ! સંદેશો કહે મારા | શ્રી મેઘવિજયજી | ૩૮ |
| આજ મેં દીઠો મીઠો જિનજી | શ્રી કેશરવિમલજી | ૩૯ |
| ચંદ્ર પ્રભ-જિન ચરણની | શ્રી કનકવિજયજી | ૪૦ |
| શ્રી ચંદ્રપ્રભ વંદીએ રે | શ્રી રૂચિરવિમલજી | ૪૧ |
| સજની ! હે ! સજની ! ચંદ્રપ્રભ | શ્રી ભાવપ્રભસૂરિ | ૪૨ |
| ચંદ્રપ્રભ જિન સાહિબા | શ્રી રતનવિજયજી | ૪૨ |
| ચંદ્રપ્રભ જિન ચાકરી રે, | શ્રી માણેકમુનિ | ૪૩ |
| શિવ તિલક પતિ વંદીયેં રે | શ્રી દીપવિજયજી | ૪૪ |
| ચંદપ્પહ ચંદપ્પહ (૧) ત્થાણું | શ્રી ધર્મકીર્તિગણિ | ૪૫ |
| ચંદ્રપ્રભ જિનરાજ, મનમોહના | શ્રી સ્વરૂપચંદજી | ૪૬ |
| ચંદ્રપ્રભની હો ! કે | શ્રી જશવિજયજી | ૪૭ |
| શ્રીચંદ્રપ્રભ-જિનરાજજી | શ્રી જ્ઞાનવિમલસૂરીજી | ૪૮ |
| ચંદ્ર પ્રભ ઉર આન હો | શ્રી ગુણવિલાસજી | ૪૯ |
| ચંદ્રપ્રભ જિન જગ-જન-ભયહરુ | શ્રી જગજીવનજી | ૪૯ |
| ચંદ્રપ્રભ અષ્ટ-કરમ-ક્ષય-કારી | શ્રી જિનહર્ષજી | ૫૦ |
| શ્રી ચંદ્રપ્રભ જિનરાજ રાજે | શ્રી યશોવિજયજી | ૫૦ |
| શ્રી ચંદ્રપ્રભ-જિનરાજ | શ્રી ન્યાયસાગરજી | ૫૧ |

| થોય | કર્તા | પાના નં. |
|---|---|---|
| ચંદ્રપ્રભુ મુખ ચંદ્રમા, | શ્રી વીરવિજયજી | ૫૨ |
| સેવે સૂરવર વૃંદા, | શ્રી પદ્મવિજયજી | ૫૨ |

## ચૈત્યવંદન વિધિ

### (નીચે મુજબ પ્રથમ ઈરિયાવહિ કરવી)

### ● ઈચ્છામિ ખમાસમણ સૂત્ર ●

ઈચ્છામિ ખમાસમણો ! વંદિઉં જાવણિજ્જાએ,
નિસીહિઆએ, મત્થએણ વંદામિ.

**ભાવાર્થ :** આ સૂત્ર દ્વારા દેવાધિદેવ પરમાત્માને તથા પંચમહાવ્રતધારી સાધુ ભગવંતોને વંદન થાય છે.

### ● ઈરિયાવહિયં સૂત્ર ●

ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! ઈરિયાવહિયં પડિક્કમામિ ? ઈચ્છં, ઈચ્છામિ પડિક્કમિઉં ૧. ઈરિયાવહિયાએ, વિરાહણાએ ૨. ગમણાગમણે ૩. પાણક્કમણે બીયક્કમણે હરિયક્કમણે, ઓસાઉત્તિંગપણગ દગ, મટ્ટી મક્કડા સંતાણા સંકમણે ૪. જે મે જીવા વિરાહિયા,, ૫. એગિંદિયા, બેઈંદિયા, તેઈંદિયા, ચઉરિંદિયા, પંચિંદિયા ૬. અભિહયા, વત્તિયા, લેસિયા, સંઘાઈયા, સંઘટ્ટિયા, પરિયાવિયા, કિલામિયા, ઉદ્દવિયા, ઠાણાઓઠાણં, સંકામિયા, જીવિયાઓ વવરોવિયા, તસ્સ મિચ્છામિ દુક્કડં ૭.

**ભાવાર્થ :** આ સૂત્રથી હાલતા-ચાલતા જીવોની અજાણતા વિરાધના થઈ હોય કે પાપ લાગ્યા હોય તે દૂર થાય છે.

### ● તસ્સ ઉત્તરી સૂત્ર ●

તસ્સ ઉત્તરીકરણેણં, પાયચ્છિત્તકરણેણં, વિસોહિકરણેણં, વિસલ્લીકરણેણં, પાવાણં કમ્માણં નિગ્ઘાયણટ્ઠાએ, ઠામિ કાઉસ્સગ્ગં.

**ભાવાર્થ :** આ સૂત્ર દ્વારા ઈરિયાવહિયં સૂત્રથી બાકી રહેલા પાપોની વિશેષ શુદ્ધિ થાય છે.

## ● અન્નત્થ સૂત્ર ●

અન્નત્થ ઊસસિએણં, નિસસિએણં, ખાસિએણં, છીએણં, જંભાઈએણં, ઉડ્ડુએણં, વાયનિસગ્ગેણં, ભમલીએ, પિત્તમુચ્છાએ ૧ સુહુમેહિં અંગસંચાલેહિં, સુહુમેહિં ખેલસંચાલેહિં, સુહુમેહિં દિઠ્ઠિસંચાલેહિં ૨. એવંમાઈએહિં આગારેહિં અભગ્ગો, અવિરાહિઓ, હુજ્જ મે કાઉસ્સગ્ગો ૩. જાવ અરિહંતાણં, ભગવંતાણં, નમુક્કારેણં ન પારેમિ ૪. તાવ કાયં ઠાણેણં, મોણેણં, ઝાણેણં, અપ્પાણં વોસિરામિ ૫.

**ભાવાર્થ :** આ સૂત્રમાં કાઉસગ્ગના સોળ આગારનું વર્ણન તથા કેમ ઉભા રહેવું તે બતાવેલ છે.

(પછી એક લોગસ્સનો ચંદેસુ નિમ્મલયરા સુધીનો અને ન આવડે તો ચાર નવકારનો કાઉસ્સગ્ગ કરવો, પછી પ્રગટ લોગસ્સ કહેવો)

## ● લોગસ્સ સૂત્ર ●

લોગસ્સ ઉજ્જોઅગરે, ધમ્મતિત્થયરે જિણે; અરિહંતે કિત્તઈસ્સં, ચઉવિસંપિ કેવલી ૧. ઉસભમજિઅંચ વંદે, સંભવમભિણંદણં ચ સુમઈ ચ; પઉમપ્પહં સુપાસં, જિણંચચંદપ્પહં વંદે ૨. સુવિહિં ચ પુપ્ફદંતં, સીઅલ સિજ્જંસ વાસુપુજ્જં ચ; વિમલમણંતં ચ જિણં, ધમ્મં સંતિ ચ વંદામિ ૩. કુંથું અરં ચ મલ્લિં, વંદે મુણિસુવ્વયં નમિજિણં ચ; વંદામિ રિઠ્ઠનેમિ, પાસં તહ વદ્ધમાણં ચ ૪. એવં મએ અભિથુઆ, વિહુય રયમલા પહીણ જરમરણા; ચઉવિસંપિ જિણવરા, તિત્થયરા મે પસીયંતુ ૫. કિત્તિય-વંદિય મહિયા, જેએ લોગસ્સ ઉત્તમા સિદ્ધા; આરૂગ્ગબોહિલાભં, સમાહિવરમુત્તમં દિન્તુ. ૬. ચંદેસુ નિમ્મલયરા, આઈચ્ચેસુ અહિયં પયાસયરા, સાગરવરગંભીરા, સિદ્ધા સિદ્ધિં મમ દિસંતુ. ૭.

**ભાવાર્થ :** આ સૂત્રમાં ચોવીસ તીર્થંકરોની નામપૂર્વક સ્તુતિ કરવામાં આવી છે.

(પછી ત્રણ ખમાસમણ દઈ, ડાબો
પગ જમીન ઉપર સ્થાપીને હાથ જોડી)
**ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! ચૈત્યવંદન કરું ? ઈચ્છં**
**કહી સકલકુશલ કહી ચૈત્યવંદન કરવું.**

સકલ કુશલ વલ્લિ - પુષ્કરાવર્ત મેઘો,
દુરિત તિમિર ભાનું : કલ્પવૃક્ષોપમાન :
ભવજલનિધિ પોત : સર્વ સંપત્તિ હેતું :,
સ ભવતુ સતતં વ:
શ્રેયસે શાન્તિનાથ : શ્રેયસે પાર્શ્વનાથ :

**(આ પછી પુસ્તકમાંથી ચૈત્યવંદન બોલવું)**

## ● જંકિંચિ સૂત્ર ●

જંકિંચિ નામતિત્થં, સગ્ગે પાયાલિ માણુસે લોએ;
જાઈ જિણબિંબાઈ, તાઈ સવ્વાઈ વંદામિ.

**ભાવાર્થ :** આ સૂત્ર દ્વારા ત્રણે લોકમાં વિદ્યમાન નામ રૂપી તીર્થો અને જિન પ્રતિમાઓને નમસ્કાર કરવામાં આવેલ છે.

## ● નમુત્થુણં સૂત્ર ●

નમુત્થુણં અરિહંતાણં ભગવંતાણં. ૧. આઈગરાણં તિત્થયરાણં, સયંસંબુદ્ધાણં, ૨. પુરિસુત્તમાણં, પુરિસસીહાણં, પુરિસવરપુંડરિઆણં, પુરિસવરગંધહત્થીણં. ૩. લોગુત્માણં, લોગનાહાણં, લોગહિઆણં, લોગપઈવાણં, લોગપજ્જોઅગરાણં. ૪. અભયદયાણં, ચકખુદયાણં, મગ્ગદયાણં, સરણદયાણં, બોહિદયાણં, ૫. ધમ્મદયાણં,

ધમ્મદેસયાણં, ધમ્મનાયગાણં, ધમ્મસારહીણં, ધમ્મવરચાઉરંત-ચક્કવટ્ટીણં. ૬. અપ્પડિહયવરનાણ - દંસણધરાણં, વિયટ્ટ-છઉમાણં. ૭. જિણાણં જાવયાણં, તિન્નાણં તારયાણં; બુદ્ધાણં બોહયાણં, મુત્તાણં મોઅગાણં. ૮. સવ્વન્નૂણં, સવ્વદરિસીણં, સિવમયલ મરૂઅ - મણંત મક્ખય મવ્વાબાહ - મપુણારાવિત્તિ - સિદ્ધિ ગઈ નામધેયં, ઠાણં સંપત્તાણં, નમો જિણાણં, જિઅભયાણં. ૯. જે અ અઈયા સિદ્ધા, જે અ ભવિસ્સંતિણાગએ કાલે; સંપઈ અ વટ્ટમાણા, સવ્વે તિવિહેણ વંદામિ..૧૦.

**ભાવાર્થ :** આ સૂત્રમાં અરિહંત પરમાત્માના ગુણોનું વર્ણન છે. અને ઈન્દ્ર મહારાજા પ્રભુની સ્તુતિ કરતી વખતે આ સૂત્ર બોલે છે.

## ● જાવંતિ ચેઈઆઈ સૂત્ર ●

(ફક્ત પુરૂષોએ બે હાથ ઉંચા કરીને બોલુવું)

જાવંતિ ચેઈઆઈ. ઉડ્ઢે અ અહે અ તિરિઅલોએ અ; સવ્વાઈ તાઈ વંદે, ઈહ સંતો તત્થ સંતાઈ.

**ભાવાર્થ :** આ સૂત્રદ્વારા ત્રણે લોકમાં રહેલી જિન પ્રતિમાજીઓને નમસ્કાર કરવામાં આવે છે.

ઈચ્છામિ ખમાસમણો વંદિઉ જાવણિજ્જાએ
નિસિહિઆએ મત્થએણ વંદામિ.

## ● જાવંત કેવિ સાહૂ સૂત્ર ●

જાવંત કેવિ સાહૂ, ભરહેરવયમહાવિદેહે અ; સવ્વેસિં તેસિં, પણઓ, તિવિહેણ તિદંડવિરયાણં.

ભાવાર્થ : આ સૂત્રમાં ભરત, ઐરાવત અને મહાવિદેહ ત્રણેય ક્ષેત્રમાં વિચરતાં સર્વે સાધુ સાધ્વી ભગવંતોને નમસ્કાર કરવામાં આવે છે.

(નીચેનું સૂત્ર ફકત પુરૂષોએ બોલવું)

## ● નમોઽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્ય : ●

ભાવાર્થ : આ સૂત્રમાં પંચપરમેષ્ઠિ ભગવંતોને નમસ્કાર કરવામાં આવ્યો છે.

**(આ પછી આ પુસ્તકમાંથી સુંદર અને ભાવવાહી સ્તવનોના સંગ્રહમાંથી કોઈપણ એક સ્તવન ગાવું.)**

**(બે હાથ ઉંચા કરીને બોલવું / બહેનોએ હાથ ઉંચા કરવા નહીં)**

## ● જય વીયરાય સૂત્ર ●

જય વીયરાય ! જગગુરૂ ! હોઉં મમં તુહ પભાવઓ ભયવં !
ભવનિવ્વેઓ મગ્ગા-ણુસારિઆ ઈટ્ઠફલસિદ્ધી.......૧
લોગવિરૂદ્ધચ્ચાઓ, ગુરૂજણપૂઆ, પરત્થકરણં ચ;
સુહુગુરૂજોગો તવ્વયણ-સેવણા આભવમખંડા......૨

(બે હાથ નીચે કરીને)

વારિજ્જઈ જઈવિ નિથાણ-બંધણં વીયરાય ! તુહ સમયે ;
તહવિ મમ હુજ્જ સેવા, ભવે ભવે તુમ્હ ચલણાંણ......૩
દુક્ખક્ખઓ કમ્મક્ખઓ, સમાહિમરણં ચ બોહિલાભો અ;
સંપજ્જઉ મહ એઅં, તુહ નાહ ! પણામકરણેણં......૪
સર્વ-મંગલ-માંગલ્યં, સર્વ કલ્યાણકારણમ્;

પ્રધાનં સર્વ-ધર્માણાં, જૈનં જયતિ શાસનમ્.......૫

**ભાવાર્થ :** આ સૂત્રમાં પ્રભુ પાસે ઉત્તમ પ્રકારની પ્રાર્થના કરવામાં આવી છે.

(પછી ઉભા થઈને)

## ● અરિહંતચેઈઆણં સૂત્ર ●

અરિહંતચેઈઆણં, કરેમિ કાઉસ્સગ્ગં ૧. વંદણવત્તિઆએ, પૂઅણવત્તિઆએ, સક્કારવત્તિઆએ, સમ્માણવત્તિઆએ, બોહિલાભવત્તિઆએ, નિરૂવસગ્ગવત્તિઆએ ! ૨ સદ્ધાએ, મેહાએ, ધિઈએ, ધારણાએ, અણુપ્પેહાએ, વડ્ઢમાણીએ, ઠામિ કાઉસ્સગ્ગં.૩

**ભાવાર્થ :** આ સૂત્રમાં જ્યાં ચૈત્યવંદન કરતા હોઈએ તે દેરાસરની તમામ પ્રતિમાઓને વંદન કરવામાં આવે છે.

## ● અન્નત્થ સૂત્ર ●

અન્નત્થ ઊસસિએણં, નિસસિએણં, ખાસિએણં, છીએણં, જંભાઈએણં, ઉડ્ડુએણં, વાયનિસગ્ગેણં, ભમલીએ પિત્તમુચ્છાએ. ૧ સુહુમેહિં અંગસંચાલેહિં, સુહુમેહિં ખેલસંચાલેહિં સુહુમેહિં દિટ્ઠિસંચાલેહિં. ૨ એવમાઈએહિં આગારેહિં, અભગ્ગો અવિરાહિઓ હુજ્જમે કાઉસ્સગ્ગો. ૩ જાવ અરિહંતાણં ભગવંતાણં નમુક્કારેણં ન પારેમિ, તાવ કાયં ઠાણેણં, મોણેણં, ઝાણેણં, અપ્પાણં વોસિરામિ ૪

(કહીને એક નવકારનો કાઉસ્સગ્ગ કરી, પારીને)

**નમોઽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્ય :**

**(આ પછી પુસ્તકમાંથી થોય કહેવી)**

# શ્રી ચંદ્રપ્રભસ્વામીના ચૈત્યવંદન

## શ્રી વીરવિજયજી કૃત ચૈત્યવંદન

ચંદ્રપ્રભુ ચંદ્રાવતી, પુરિ ચવિયા વિજયંત;
અનુરાધાએ જનમિયા, વૃશ્ચિક રાશિ મહંત....॥૧॥
મૃગયોનિ ગણ દેવનો, કેવલવિણ ત્રિકમાસ;
પામ્યા નાગ તરૂતલે, નિર્મલ નાણ વિલાસ....॥૨॥
સાથે સલુણા શોભતા મુનિવર એક હજાર
પરમાનંદ પદ પામિયા એ, વીર કહે નિરધાર;....॥૩॥

## શ્રી પદ્મવિજયજી કૃત ચૈત્યવંદન

લક્ષ્મણા માતા જનમિયો, મહસેન જસ તાય:
ઉડુપતિ લંછન દીપતો, ચંદ્રપુરીનો રાય....॥૧॥
દશ લાખ પૂરવ આઉખું, દોઢસો ધનુષની દેહ;
સુરનરપતિ સેવા કરે, ધરતા અતિ સસનેહ....॥૨॥
ચંદ્રપ્રભ જિન આઠમા એ, ઉત્તમ પદ દાતાર;
પદ્મવિજય કહે પ્રણમીએ, મુજ પ્રભુ પાર ઉતાર....॥૩॥

## શ્રી જ્ઞાનવિમલજી કૃત ચૈત્યવંદન

ચંદ્રપ્રભ જિન આઠમા, ચંદ્રપ્રભ સમ દેહ;
અવતરિયા વિજયંતથી, વદિ પંચમી ચૈત્રેહ....॥૧॥

પોષ વદિ બારશે જનમિયા, તસ તેરશે સાધ;
ફાગુણ વદિની સાતમે, કેવલ નિરાબાધ....॥૨॥

ભાદ્રવ સત્તમિ શિવ લહ્યાએ, પૂરી પૂરણ ધ્યાન;
અઠ મહા સિદ્ધિ સંપજે, નય કહે જિન અભિધાન....॥૩॥

# શ્રી ચંદ્રપ્રભસ્વામીના સ્તવન

## કર્તા : શ્રી મોહનવિજયજી મ.

(ચંદ્રપ્રભુની ચાકરી)

**ચંદ્રપ્રભની ચાકરી નિત્ય કરીએ,**
હાં રે નિત્ય કરીએ રે, નિત્ય કરીએ.
કરીએ તો ભવજલ તરીએ.. હાં રે ચઢતે પરિણામ.......૧

લક્ષ્મણા માતા જનમીયા જિનરાયા, જિન ઉડુપતિ લંછન પાયા;
એતો ચંદ્રપુરીના રાયા.. હાં રે નિત્ય લીજે નામ ચંદ્રપ્રભની........૨

મહસેન પિતા જેહના પ્રભુ બળીયા, મને જિનજી એકાંતે મળીયા;
મારા મનના મનોરથ ફળીયા.. હાં રે દીઠે દુઃખ જાય. ચંદ્રપ્રભની .......૩

દોઢસો ધનુષની દેહડી જિન દીપે, તેજે દિનકર ઝીપે;
સુર કોડી ઉભા સમીપે... હાં રે નિત્ય કરતા સેવ. ચંદ્રપ્રભની.......૪

દશ લાખ પૂર્વનું આઉખું જિન પાળી, નિજ આતમને અજવાળી;
દુષ્ટ કર્મના મર્મને ટાળી.. હાં રે લહ્યું કેવળજ્ઞાન ચંદ્રપ્રભની.......૫

સમેતશિખર ગિરિ આવિયા પ્રભુ રંગે, મુનિ કોડી સહસ પ્રસંગે,
પાળી અણસણ ઉલટ અંગે.. હાંરે પામ્યા પરમાનંદ. ચંદ્રપ્રભની.......૬

શ્રી જિન ઉત્તમ રૂપને જે ધ્યાવે, તે કીર્તિ કમલા પાવે;
**મોહનવિજય** ગુણ ગાવે.. હાં રે આપો અવિચલ રાજ. ચંદ્રપ્રભની........૭

## કર્તા : શ્રી આનંદઘનજી મ.

**(રાગ કેદારો-ગોડી-કુમરી રોવે આક્રંદ કરે મુને કોઈ મુકાવે-એ દેશી)**

ચંદ્ર પ્રભુ મુખ-ચંદ્ર, સખિ૦ ! મુને દેખણ દે ! ઉપશમ-રસનો કંદ, સખિ૦ !
સેવે સુર-નર-વૃંદ, સખિ૦ ! વત - કલિ - મલ - દુઃખ, દંદ - સખિ૦॥૧॥

સુહુમ નિગોદે ન દેખીયો, સખિ૦- બાદર અતિહિ વિશેષ—સખિ૦!
પુઢવી-આઉ ન દેખીઓ, સખિ૦ તેઉ-વાઉ ન લેશ—સખિ૦॥૨॥

વનસ્પતિ અતિ-ઘણ[૨] દીહા[૩], સખિ૦ દીઠો નહિય દિદાર—સખિ૦!
બિ-તિ-ચઉરિંદી જળલિહા,[૪] સખિ૦ ગતસન્ની પણ[૫] ધાર—સખિ૦..॥૩॥

સુર-તિરિ-નરય નિવાસમાં, સખિ૦ મનુજ અનારજ સાથ—સખિ૦!
અપજત્તા-પ્રતિભાસમાં[૬] સખિ૦ ચતુર ન ચઢીયો હાથ—સખિ૦..॥૪॥

ઈમ અનેક થલ જાણીયે, સખિ૦ દરિસણ વિણ જિનદેવ—સખિ૦!
આગમથી મતિ આણીયે, સખિ૦ કીજે નિરમલ સેવ—સખિ૦.॥૫॥

નિર્મલ સાધુ-ભગતિ લહી, સખિ૦ યોગ-અવંચક હોય—સખિ૦ !
કિરિયા-અવંચક તિમ સહી, સખિ— ફળ-અવંચક જોય—સખિ૦......॥૬॥

પ્રેરક અવસર[૭] જિનવરૂ, સખિ૦ મોહનીય ક્ષય થાય—સખિ૦ !
કામિત-પૂરણ-સુરતરૂ, સખિ૦ **આનંદઘન** પ્રભુ પાય—સખિ૦......॥૭॥

૧. પાપ, મલ અને દુઃખોના સમૂહથી રહિત ૨. ઘણા ૩. દિવસ ૪. જળચર જીવો ૫. અસંજ્ઞી ૬. સમજણવાળા=પર્યાપ્તામાં, ૭. આ અવસરે શ્રી તીર્થંકર દેવ પ્રેરકરૂપે મળી જાય તો

## કર્તા : ઉપા. શ્રી યશોવિજયજી મ.

### (ધણરા-ઢોલાની દેશી)

ચંદ્રપ્રભ-જિન ! સાહિબા રે, તુમ છો ચતુર-સુ-જાણ ! મનના માન્યા
સેવા જાણો દાસની રે, દેશો ફળ નિરવાણ [૧]મનના માન્યા
આવો આવો રે ચતુર ! સુખ[૨]-ભોગી,
કીજે વાત એકાંત અ-ભોગી; ગુણ-ગોઠે પ્રગટે પ્રેમ, મનના૦આવો૦(૧)
ઓછું-અધિકું પણ કહે રે, આસંગાયત[૩] જેહ-મનના૦
આપે ફળને અણ[૪]-કહ્યુંરે, ગિરૂઓ[૫] સાહિબ તેહ મનના૦આવો૦(૨)

દીન[૬]-કહ્યા-વિણ દાનથી રે, દાતાની વાધેમામ[૭]-મનના૦
જળ દીયેં ચાતક ખીજવીરે, મેઘ હુઆ તેણે શ્યામ મનના૦આવો૦(૩)

પિઉ-પિઉકારી તુમને જપું રે, હું ચાતક તુમે મેહ !—મનના૦
એક લહેરમાં દુઃખ હરો રે, વાધે બમણો નેહ—મનના૦આવો૦(૪)

મોડું-વહેલું આપવું રે, તો શી ઢીલ કરાય ?—મનના૦
વાચક **જશ** કહે જગ-ધણી રે, તુમ તૂઠે સુખ થાય—મનના૦આવો૦(૫)

૧. છેવટે મોક્ષ ૨. સુખને ભોગવનારા ૩. વધુ પ્રેમ-સંબંધવાળા ૪. વગર-કહ્યે ૫. શ્રેષ્ઠ ૬. દીનપણું દાખવ્યા વગરના દાનથી ૭. મહિમા

## કર્તા : ઉપા. શ્રી યશોવિજયજી મ.

(ભોલાશંભુ - એ દેશી)

મોરા સ્વામી ! ચંદ્રપ્રભ જિનરાય, વિનતડી અવધારીયે જીરેજી
મોરા સ્વામી ! તુમ્હે છો દીન દયાલ, ભવ-જળથી મુજ તારીયેં જીરેજી....(૧)

મોરા સ્વામી ! હું આવ્યો તુજ પાસ, તારક જાણી ગહગહી[૧] જીરેજી
મોરા સ્વામી ! જોતાં જગમાં દીઠ, તારક કો બીજો નહિ. જીરેજી....(૨)

મોરા સ્વામી ! અરજ કરતાં આજ, લાજ વધેં કહો કોણિ[૨] પરિ; જીરેજી
મોરા સ્વામી ! જશ કહે ગોપય[૩] તુલ્ય, ભવ-જળધી કરૂણા ધરી. જીરેજી....(૩)

---

૧. ઉમંગપૂર્વક ૨.ક્યી રીતે ! ૩. ખાબોચિયા જેવા. હકીકતમાં સંસાર સમુદ્ર બહુ વિષમ છે. પણ મારા સ્વામીના પ્રભાવથી તે મારા માટે ગોષ્પદ ખાબોચિયા જેવો છે.

## કર્તા : ઉપા. શ્રી યશોવિજયજી મ.

(વાદલ દહદિશી ઉમહયો સખિ-એ દેશી)

શ્રી ચંદ્રપ્રભ જિન-રાજીઓ, મુખ સોહેં પુનિમ-ચંદ
લંછન જસ દીપે ચંદ્રનું, જગ-જન નયનાનંદ રે;
પ્રભુ ટાળે ભવ-ભવ ફંદરે, કેવલ[૧]-કમળા અરવિંદ[૨]રે;
એ સાહિબ મેરે મન વસ્યો.....(૧)

મહસેન પિતા માતા લક્ષ્મણા, પ્રભુ ચંદ્રપુરી શિણગાર,
દોંઢસેં ધનુ તનુ ઉચ્ચતા,શુચિ[૩]-વરણેં શશી-અનુકારરે
ઉતારે ભવજળ પાર રે, કરેં જનને બહુ ઉપગાર રે;
દુઃખ - દાવાનળ - જળધાર રે—એ૦.....(૨)

દશ લાખ પુરવ આઉખું, વ્રત એક સહસ પરિવાર
સમેતશિખર શિવપદ લહ્યું, ધ્યાયી શુભ ધ્યાન ઉદાર રે;
ટાળી પાતિક વિસ્તાર રે, હુઆ જગજનના આધાર રે;
મુનિજન[૪] - મનપિક - સહકાર રે —એ૦....(૩)

મુનિ લાખ અઢી પ્રભુજીતણા, તેમ સંયમ ગુણહ નિધાન
ત્રિણ લાખ વર સાહુણી વળી, અસીઅ-સહસનું માનરે;
કહે કવિઅણ જશ ગુણગાનરે, જિણે જિત્યા ક્રોધ ને માનરે;
જેણેં દીધું વરસીદાન રે, વરષા[૫]-જળધર અનુમાનરે— એ૦.....(૪)

સુર વિજય નામ ભ્રુકૂટી સુરી, પ્રભુ-શાસન-રખવાળ
કવિ **જશવિજય** કહે સદા, એ પ્રણમો પ્રભુ ત્રિહું કાળરે;
જશ પદ પ્રણમે ભૂપાળરે, જસ અષ્ટમી શિશ સમ ભાલરે;
જે ટાળે ભવ - જંજાળરે — એ૦....(૫)

---

૧. કેવળજ્ઞાનરૂપ લક્ષ્મી ૨. કમળ ૩. પવિત્ર વર્ણથી ૪. મુનિઓના મનરૂપ કોયલ માટે આંબા જેવા ૫. મેઘની વૃષ્ટિ જેમ

## કર્તા : શ્રી ભાણવિજયજી મ.

(ઝાંઝરીયાની-દેશી)

શ્રી ચંદ્રપ્રભ માહરાજી, તુમ્હે છો દીનદયાળ,
મહેર ધર ! મુજ ઉપરેજી, વિનતિ માનો કૃપાળ-સસનેહા
પ્રભુશું લાગ્યો અવિહડ નેહ, જિમ ચાતક મનમેહા-સસનેહા૦(૧)

સજ્જનશું જે નેહલોજી, કરતાં બમણો રંગ,
દુર્જન જનશું પ્રીતડીજી, ક્ષણક્ષણમાં મન[1]-ભંગ-સસનેહા૦(૨)
ઉત્તમજનશું રૂસણાંજી, તેહ પણ ભલાં નિરધાર,
મૂરખ-જનશું ગોઠડીજી, કરતાં રસ ન લગાર-સસનેહા૦(૩)

મનમાં ઈમ જાણી કરીજી, આવ્યો તુમારે પાસ,
નિરવહિએ હવે મુજનેજી, જિમ પ્હોંચે મનની આશ—સસનેહા૦(૪)

બહુલપણે[2] શું દાખીયેજી, તુમે છો બુદ્ધિનિધાન,
પ્રેમ-વિબુધના ભાણશુંજી, રાખો પ્રીતિ પ્રધાન—સસનેહા૦(૫)

૧. મનની નારાજી ૨. વધારે

## કર્તા : શ્રી આણંદવર્ધનજી મ.

### (રાગ-જયંતસિરી-આજ નિહેજોરે દીસે નાહલો-એ દેશી)

વદન[1] અપૂરવ ચંદ્ર પ્રભુ તણો, જોઉં નયણાં જોડિ,
તન-મન કેરાં રે કૂંપળ[2] ઉલ્હસે, પહુંચે મનમાં કોડિ—વદન૦(૧)

જનમ-જનમની રે તપતિ[3] નિવારવા, પ્રગટયો અમૃતપુર
બિંબ મનોહર વિમળ[4] કળાનીલો[5], શીતલવાન[6] સનૂર[7]—વદન૦(૨)

મુખડું જોતાં પ્રભુ પોતે મિલે, જોઈ જાણે જેહ,
આણંદવર્ધન પ્રેમ-પટંતરો, સહી સુધારે તેહ—વદન૦(૩)

---

૧. મુખ ૨. રોમાંચ ૩. તાપ ૪. નિર્મળ ૫. કલાયુક્ત-સંપૂર્ણ ૬. શીતળકાંતિ ૭. તેજસ્વી ૮. ભેદભાવ.

## કર્તા : શ્રી લક્ષ્મીવિમલજી મ.

### (દીઠો હો પ્રભુ દીઠી જગગુરૂ તુજ-એ દેશી)

સાચો હો ! પ્રભુ ! સાચો તું વીતરાગ,
જાણ્યો હો ! પ્રભુ ! જાણ્યો મેં નિશ્ચે કરીજી !
કાચો હો ! પ્રભુ ! કાચો મોહ-જંજાલ,
છાંડો હો ! પ્રભુ ! છાંડો તે સમતા ધરીજી૦....(૧)

સેવે હો ! પ્રભુ ! સેવે દેવની કોડી,
જોડી હો ! પ્રભુ ! જોડી નિજ-કર આગલેજી
દેવ હો ! પ્રભુ ! દેવ-ઇંદ્રની નાર,
દૃષ્ટિ હો ! પ્રભુ ! દ્રષ્ટિ તુજ ગુણ-રાગ[૧]લેજી૦....(૨)

ગાવે હો ! પ્રભુ ! ગાવે કિન્નરી ગીત
ઝીણે હો ! પ્રભુ ! ઝીણે રાગે રસ ભરીજી
બોલે હો ! પ્રભુ ! બોલે ખગ[૨] યશવાદ[૩],
ભાવે હો ! પ્રભુ ! ભાવે-મુનિધ્યાને ધરીજી૦....(૩)

સોહે હો ! પ્રભુ ! સોહે અતિશય રૂપ,
બેસે હો ! પ્રભુ ! બેસે કનક-સિંહાસનેજી
ગાજે હો ! પ્રભુ ! ગાજે મધુરો નાદ,
રાજે હો ! પ્રભુ ! રાજે સંઘ તુજ શાસને જી૦....(૪)

તું તો હો ! પ્રભુ ! તું તો તાહરે રૂપ,
ભુંજે હો ! પ્રભુ ! ભુંજે સંપદ આપણી જી
નાઠી હો ! પ્રભુ ! નાઠી કર્મતતિ દૂર,
ઉઠી[૪] હો ! પ્રભુ ! ઉઠી તુજથી[૫] પાપણીજી૦....(૫)

જોવો હો ! પ્રભુ ! જોવો મુજ એક વાર,
સ્વામી, હો ! પ્રભુ ! સ્વામી ચંદ્રપ્રભ ધણીજી,
વાધે હો ! પ્રભુ ! વાધે કીર્તિ અપાર
પામે હો પ્રભુ ! પામે શિવ-લચ્છી ધણીજી૦....(૬)

---

૧. ગુણથી રંગાયેલ ૨. પક્ષીઓ ૩. કીર્તિ ૪. સાડા ત્રણ હાથ દૂર ૫. ખરાબ

## કર્તા : ઉપા. શ્રી માનવિજયજી મ.

### (દિનજ્યુંની જૂના સાહિબારે-એ દેશી)

તું તો અ-કળ[1] સ્વરૂપી જગતમાં મનમાં કે'ણે ન પાયો
શબ્દે બોલાવી ઓળખ, શબ્દતીત ઠરાયો-
—તુંહી સાહિબા રે ! મન માન્યા—તુંહી૦(૧)

રૂપ નિહાળી પરિચયકીનો, રૂપમાંહિ નહિ આયો
પ્રાતિહારજ-અતિશય-અહિનાણે[2], શાસ્ત્રમાં બુધ્ધે ન લખાયો—તુંહી૦(૨)

શબ્દ ન રસ ન ગંધ ન રસ નહી, ફરસ ન વર્ણન ભેદ
નહી સંજ્ઞા છેદ ન ભેદ ન, હાસ નહી નહી ખેદ-તુંહી૦(૩)

સુખ નહી દુઃખ નહી વળી વાંછા નહી, નહી રોગ-યોગ ને ભોગ
નહી ગતિ નહી થિતિ નહી રતિ-અરતિ, નહી તુજ હર્ષ ને શોગ-તુંહી૦(૪)

પુણ્ય ન પાપ ન બંધ ન દેહ ન, જનમ ન મરણ ન વ્રીડા[3]
રાગ ન દ્વેષ ન કલહ ન ભય નહી, નહી સંતાપ ન ક્રીડા—તુંહી૦(૫)

અલખ અગોચર અજ અવિનાશી, અવિકારી નિરૂપાધિ
પૂરણ-બ્રહ્મ ચિદાનંદ સાહિબ, ધ્યાયો સહજ સમાધિ—તુંહી૦(૬)

જે-જે પૂજા તે-તે અંગે તું તો અંગથી દૂરે
તે માટે પૂજા ઉપચારિક, ન ઘટે ધ્યાનને પૂરે—તુંહી૦(૭)

ચિદાનંદનઘન કેરી પૂજા, નિરવિકલ્પ[૪]-ઉપયોગ
આતમ-પરમાતમને અ-ભેદે, નહિ કોઈએ જડનો જોગ-તુંહી૦(૮)

રૂપાતીત-ધ્યાનમાં રહેતાં, ચંદ્રપ્રભ-જિનરાય
**માનવિજય** વાચક ઈમ બોલે, પ્રભુ-સરિખાઈ થાય-તુંહી૦(૯)

---

૧. સામાન્યથી સમજાય નહીં તેવા સ્વરૂપવાળો ૨. ઓળખાણથી ૩. લજ્જા ૪. શુદ્ધ સ્વરૂપી

## કર્તા : પૂ. આ. શ્રી જ્ઞાનવિમલસૂરી મ.

### (ધણરાઢોલા-એ દેશી)

શ્રી ચંદ્રપ્રભ-સાહિબા રે, ચંદ્ર[૧] કિરણ સમ દેહ-મનરા માન્યા;
નિત્ય[૨]-ઉદય નિ-કલંક[૩] તું રે, અનુપમ અચરિજ એહ—મનરા૦
આવો ! આવો ! હો વખાણ[૪] ! તું તો ત્રિભુવન[૫]-ભાસક ભાણ[૬]—મનરા૦(૧)

તુજ સમ ગણના-કારણે રે, જે રેખા પ્રથમ સુચંગ—મનરા૦
તે આકાશે નિપની રે, ત્રિભુવન[૭]-પાવનગંગ[૮]—મનરા૦(૨)

અવર ન કો તુમ સારિખો રે, છોડ્યો ખટિકા-ખંડ—મનરા૦
તે કૈલાસ-રૂપા સમો રે; મહિયલમાંહે અખંડ—મનરા૦(૩)

તાહરા ગુણ તુમમાં રહ્યા રે, એહ મિલે નહિ પર[૯] પાસ—મનરા૦
તેણે હેતે કરી જાણીયેં રે; ત્રિભુવન તાહરો દાસ—મનરા૦(૪)

દોષાકર[૧૦] તુમ પદ રહ્યો રે, સેવાસારે[૧૧] ખાસ–મનરા૦
દોષરહિત[૧૨] તનુ[૧૩] તાહરૂં રે **જ્ઞાનવિમલ-સુ-પ્રકાશ**–મનરા૦(૫)

૧. ચંદ્રના કિરણ જેવું શરીર ૨. હંમેશ ઉદયવાળું ૩. કલંકરહિત ૪. શ્રેષ્ઠ ૫. ત્રણ-ભુવનને પ્રકાશિત કરનાર ૬. સૂર્ય ૭. ત્રણ-ભુવનને પવિત્ર કરનારી ૯. ગંગાનદી, બીજા પાસે ૧૦. ચંદ્ર ૧૧. કરે છે ૧૨. દોષ વગરનું ૧૩. શરીર.

## કર્તા : પૂ. શ્રી ભાવવિજયજી મ.

### (રાગ-માલવી ગોડઓ-તુહમને પ્રભુ તારક કિમ કહીયેં એ દેશી)

શ્રી ચંદ્રપ્રભ ! પ્રભુ જયકારી, આઠમો જિનવર પર-ઉપગારી;
જેણેં કર્મતણો ભયવારી ભવિ-શ્રેણી ભવ-પાર ઉતારી–શ્રી૦(૧)

મહસેન-નરપતિ પુત્ર સુજાતો,[૧] માત લક્ષ્મણાનો અંગ[૨]જાતો
કરે મોહસેનાનો ઘાતો, દયાવંત તોહે વિખ્યાતો–શ્રી૦(૨)

ચંદ્રાનના પુરીપતિરાજે, ચંદ્રાનન[૩] ચંદ્રલંછન છાજે
તનુ[૪] વાને જસ શશધર[૫] લાજે, રિષભ[૬]-વંશ-રવિ ભાવઠ ભાજે–શ્રી૦(૩)

પંચાસાધિક-શત ધનુ તુંગ, નિરૂપમ-રૂપ રુચિર[૭] જસ અંગ
આયુ પૂરવ દશ લાખ સુ-ચંગ, ભોગવી જે પામ્યો શિવ-સંગ–શ્રી૦(૪)

ભૃકુટિ દેવી વિજય વર દેવા, શાસનસુર જસ સારે સેવા
**ભાવ** કહે મુજ હોજયો હેવા, એ જિનજીની આણ વહેવા–શ્રી૦(૫)

૧. શ્રેષ્ઠ પુત્ર ૨. પુત્ર ૩. ચંદ્ર જેવા મુખવાળા ૪. શરીરની કાંતિથી ૫. ચંદ્ર ૬. ઋષભદેવ પ્રભુના વંશમાં સૂર્ય જેવાં ૭. સુંદર

## કર્તા : પૂ. શ્રી વિનયવિજયજી મ.

ચાલોસખી રે ! પ્રભુને પૂજવા રે, ચંદ્રપ્રભ જિનરાય–મોરા૦ લાલ રે
ચંદ્ર તણી પરે નિરમલી રે, ચંદ્ર સુકોમલ કાય –મોરા૦ લાલ રે.....(૧)

વદન પૂનમનો ચાંદલો રે, ચાંદો લંછણ પાય-મોરા લાલ રે
ચંદ્ર તણી પરે મહમહે[૧]રે, શ્વાસ-ઉશ્વાસ સુહાય –મોરા૦ લાલ રે.....(૨)

ચંદ્ર-ચકોર તણી પરેરે, વિંધ્યાચલ[૨]જિમ નાગ[૩]-મોરા લાલ રે
**વિનય** કહે તિમ મુજ હજો રે, ભવે-ભવે તુજશ્યું રાગ –મોરા૦ લાલ રે......(૩)

૧. અત્યંત શોભે છે ૨. વિંધ્યાચલ પર્વતના જંગલો અને નર્મદા નદીનો કિનારો એ હાથીઓનું મૂળ રહેઠાણ ગણાય છે ૩. હાથી

## કર્તા : શ્રી હરખચંદજી મ.

(રાગ-રામકલી)

રહત નયન લલચાને દરસકું,
ચંદ્રપ્રભકે મુખકી શોભા, દેખત નાહિ અઘાને[૧]
જાકે તનકી[૨] આકૃતિ[૩] આગે, કોટિ દિનંદ[૪] દુરાને[૫] –દરસકું રહત૦(૧)
મહસેન પિતા લછમના માતા, શશિ લંછન ઠહરાને
દશ લાખ પૂરવ આયુ દેઢસો, ધનુષ શરીર પ્રમાને –દરસકું રહત૦(૨)
ચંદપુરી અવતાર લીયો જિન, કુલ ઈક્ષ્વાગ કહાને
ઉજવલ વરન તરન અરૂ તારન, જગત-જંતુ હિત કાને –દરસકું રહત૦(૩)
દૂષન સહિત દેવ હૈ જે તે, મેરે મન નહી માને
**હરખચંદ**કે સાહિબ તુમહિ, હમ તુમ હાથ બિકાને[૬] –દરસકું રહત૦(૪)

૧. તૃપ્ત થતા ૨. શરીરની ૩. આકાર ૪. સૂર્ય ૫. ઝાંખા ૬. વેચાઈ ગયેલ=ગુલામ જેવો

## કર્તા : શ્રી નયવિજયજી મ.

(ઈડર આંબા આંબલી રે-એ દેશી)

ચંદ્રપ્રભ જિન ચંદ્રમારે, ઉદયો સહજ સ[1]-નૂર
પાપ તાપ દૂરે મીટયો રે, પ્રગટયો આનંદપૂર
ભવિકજન ! પ્રણમો એ જિનચંદ, દરિશણ પરમાનંદ–ભવિક૦(૧)

ચતુર ચકોરા હરષીયા રે, પસર્યો પુણ્યપ્રકાશ
જ્ઞાન-જલનિધિયે ઉલ્લસ્યો રે, ઉપશમ[2]-હરિવિલાસ–ભવિક૦(૨)

ચારિત્ર-ચંદ્રિકા[3] ચિહુંદિશે રે પસરી નિરમલ નૂર
કરમ[4]-ભરમ રાહુ ગયો રે, નાસી જેહથી દૂર-ભવિક૦(૩)

સમકિત[5] કૈરવ કાનને રે, પ્રગટયો પરમ-વિકાસ
મિથ્યામતિ કમલા[6]કરે રે, પામ્યો મુદ્રાવાસ[7]–ભવિક૦(૪)

કરૂણા ને મધ્યસ્થતા રે, મુદિતા મૈત્રી ચંગ
ચ્યાર દિશે જસ ઉદયથી રે, વાધ્યો અતિ ઉછરંગ–ભવિક૦(૫)

શુદ્ધ ક્રિયા સવિ ઓષધી[8] રે, પામી રૂચિ[9]–પીયૂષ
મુગતિફળ સફળી ફળે–રે સ્વર્ગકુસુમ[10] સજૂષ[11]–ભવિક૦(૬)

અ-કલંકી ઉદયી જપો રે, અનુપમ એ જિનચંદ
નયવિજય પ્રભુ પ્રણમતાં રે, નિતુનિતુ પરમાનંદ–ભવિક૦(૭)

---

૧. તેજસ્વી ૨. ઉપશમરૂપ લીલોતરીનો ફેલાવો ૩. ચાંદની ૪. જેનાથી કર્મોની ભમણા નાસીને દૂર ગઈ (ત્રીજી ગાથાના ઉત્તરાર્ધનો અર્થ) ૫. સમક્તિરૂપ ચંદ્રવિકાસી કમળના વનમાં ૭. સરોવરમાં ૮. મુરઝામણ=કમળો બીડાઈ જવાં ૯. ધાન્ય આદિ વનસ્પતિ ૧૦. કાંતિરૂપ અમૃત ૧૧. સ્વર્ગના સુખરૂપ ફૂલ ૧૨. સાથે=સુંદર

## કર્તા : શ્રી ઋષભસાગરજી મ.

આનન[1]ઇંદુ[2]સમ શોભતો, ચંદ્રદ્યુતિ[3]-સમ દેહ-સાહિબજી
ચતુરપણૈ[4]ચિત્ત ચિંતતનાં ગુણહ ન લાભું છેહ–સાહિબજી
ચંદ્રાંકિત ! માહરૈ ચિત વસ્યો (૧)

અ-મલ[5] કમલ-દલની પરે, પરિમલ-કોમલ પાણિ –સાહિબજી
કોમલ કદલીદલ[6] જિસી, કાયલતા મેં જાણિ–સાહિબજી-ચંદ્રા૦(૨)

મનમાં[7]હૈ માહરૈ, હુંસ રહણ હજુર–સાહિબજી
દરસણ સાહિબ ! દેખતાં, દારિદ્ર ભાજૈ દૂરિ–સાહિબજી–ચંદ્રા૦(૩)

સાહિબ સનમુખ જોવતાં, ટાઢક પામેં દેહ–સાહિબજી
સાહિબસું ભેટણ ભણી, રાજી માહરો મન–સાહિબજી–ચંદ્રા૦(૪)

ગ્રીષ્મ તપ તપીયા હુંતા, સમરૈ મેઘ મયૂર—સાહિબજી
પોયણ[8]ચંદો ચિંતવૈ, તિમ પ્રેમ તુમાંસુ પૂર—સાહિબજી—ચંદ્રા૦(૫)

પંકજમઈ[9] લપટીયો[10] ચંદ્ર કેરી ચંદ્રિકા કાંઈ—સાહિબજી
ભમરો વાંછે સુરનૈ, તિમ ચિંતવું ચિતમાંહિ—સાહિબજી—ચંદ્રા૦(૬)

બેર[11] બેર પ્રકાશનું[12] કહા કાંય કહ્યા બહુ વયણ—સાહિબજી
સત્ય કહું પ્રભુ ! સાંભલો, દિલમેં તુમ દિન-રયણ—સાહિબજી૦ચંદ્રા૦(૭)

અરજ એતી અવધારિને, હવે પુરીજૈ મન આસ—સાહિબજી
મુજ સરિખો જો તારસ્યો, તો કહસ્યું શાબાસ—સાહિબજી—ચંદ્રા૦(૮)

બુધ **કલ્યાણસાગર** ગુરુ, **ઋદ્ધિસાગર** ગુરુ શીશ—સાહિબજી
**ઋષભ** કહૈ કર જોડિનેં, એ અરજ સુણો નિસદીસ—સાહિબજી—ચંદ્રા૦(૯)

---

૧. મુખ ૨. ચંદ્રની જેમ ૩. ચંદ્રની કાંતિ ૪. હોંશિયારીથી મનમાં વિચારતાં ગુણનો પાર પામી શકતો નથી (પ્રથમ ગાથાની બીજી લીટીનો અર્થ) ૫. નિર્મલ કમલની પાખડીની જેમ સુગંધી અને કોમલ જેમના હાથ છે ૬. કેળના પાંદડા જેવો ૭. મારા મનમાં તમારી સેવામાં રહેવાની હોંશ ઘણી છે. ૮. ચંદ્રવિકાશી કમળ ૯. ચંદ્રવિકાશી કમળને ૧૦. આસક્તિ છે ૧૧. વારંવાર ૧૨. કહેવું

## કર્તા : શ્રી ઉદયરત્નજી મ.

ચંદ્રપ્રભના મુખની સોહે, કાંતિ સારી રે,
કોડિ ચંદ્રમાં નાખું વારી, હું બલિહારી રે—ચંદ્ર૦(૧)

શ્વેત રજતસી જ્યોતિ બિરાજે; તનની તાહરી રે,
આસક થઈ તે ઉપર ભમે, આંખડી માહરી રે—ચંદ્ર૦(૨)

ભવ ધરી તુજને ભેટે, જે નર ને નારી રે,
ઉદયરત્ન પ્રભુ પાર ઉતારે, ભવજલ તારી રે—ચંદ્ર૦(૩)

## કર્તા : શ્રી જિનવિજયજી મ.

(યોવનીયાનો લટકો દાહડા ચાર જો-એ દેશી)

હારે ! મારે ! ચંદ્રવદન જિન ચંદ્રપ્રભ જગનાહ જો,
દીઠો મીઠો ઈચ્છો[1] જિનવર આઠમો રે લો—હાંરે૦
મનડાનો માનીતો પ્રાણ—આધાર જો,
જગ-સુખદાયક જંગમ-સુરશાખી[2]સમારે લો—હાંરે૦(૧)

શુભ આશય ઉદયાચળ સમકિત સૂર જો,
વિમલદશા પૂરવદિશે ઉગ્યો દીપતો રે લો—હાંરે૦
મૈત્રી મુદિતા કરૂણા ને માધ્યસ્થ જો
વિનય વિવેક સુલંછન કમળ વિકાસતો રે લો—હાંરે૦(૨)

સદ્દહણા અનુમોદ પરિમલ પૂર જો,
પરછાયો[3] મન-માનસસર અનુભવ–વાયરે લો–હાંરે૦
ચેમન ચકવા ઉપશમ સરવર નીર જો,
શુભમતિ ચકવી સંગે રંગ-રમણ કરે રે લો–હાંરે૦(૩)

જ્ઞાનપ્રકાશે નયણલાં મુજ દોયજો,
જાણેરે ષટદ્રવ્ય સ્વભાવે થાપણે રે લો–હાંરે૦
જડ-ચેતન ભિન્નાભિન્ન નિત્યાનિત્ય જો,
રૂપી-અરૂપી આદિસ્વરુપ આપાપણે રે લો–હાંરે૦(૪)

લખ ગુણદાયક લખમણા[૪]-રાણી નંદ જો,
ચરણ[૫]સરોરૂહ સેવા મેવા સારિખી રે લો–હાંરે૦
પંડિત શ્રીગુરુ **ક્ષમાવિજય** સુપસાયજો,
મુનિ **જિન** જંપે જગમાં જોતાં પારખી રે લો–હાંરે૦(૫)

---

૧. મનગમતા ૨. કલ્પવૃક્ષ ૩. ઉલ્લસ્યો ૪. પ્રભુજીની માતાનું નામ ૫. ચરણકમળ

## કર્તા : શ્રી જિનવિજયજી મ.

(રાગ રામગિરિ-તુંગીયા ગિરિ શિખર સોહે-એ દેશી)

શ્રી ચંદ્રપ્રભ જગદીશ દીપે, વિશ્વ-પાવન નાથ રે
નામ-ઠવણા-દ્રવ્ય-ભાવે, કરત લોક સ-નાથરે
શ્રી ચંદ્રપ્રભ જગદીશ દીપે—શ્રી૦(૧)

નયરી ચંદ્રાનના નામે, મહસેન મહીકંતરે[૧]
રાણી લખમણા માત જાયો, નામ ચંદ્રપ્રભ ખ્યાતરે—શ્રી૦(૨)

નામ જાંગુલી[૨]—મંત્ર જાપે, પાપ-વિષધર[૩] નાસ રે
થાપના ત્રિહું લોકમાંહી, પૂજતાં સુખ-વાસરે—શ્રી૦(૩)

પાછલે ભવે પદ્મરાજા, યુગંધર મુનિ પાસ રે
ગ્રહી સંયમ યોગ સાધી, વૈજયંત-નિવાસ રે—શ્રી૦(૪)

તીન અધિકા તીશ સાગર, પાળી પુરણ આય રે
પૌષ માસે કૃષ્ણ બારસ, જનમીયા જિનરાય રે—શ્રી૦(૫)

ગેહવાસી પણ ઉદાસી, ભોગવી વર રાજ રે
દાન વરસી દેઈ છઠ તપ, લહે વ્રત-સામ્રાજ્ય રે—શ્રી૦(૬)

ઘાતીયાં દળ[૪] ચ્યાર ચૂરી, ચ્યાર મહાવ્રત સૈન્ય રે
સમોસરણે ભાવ-જિનવર, થયા સિદ્ધ-વરેણ્ય રે—શ્રી૦(૭)

સર્વક્ષેત્રે સર્વ કાળે, જગત-વત્સલ-રૂપ રે
**ક્ષમાવિજય જિનરાજ** મહિમા, પ્રગટ પુણ્ય-સરૂપ રે—શ્રી૦(૮)

---

૧. રાજા ૨. ગારૂડી ૩. ૪. સમૂહ

## કર્તા : શ્રી હંસરત્નજી મ.

### (ઇંદલી બેદલી મન લાગો-એ દેશી)

ઉદયો અભિનવ[1] ચંદ્રમા, ચંદ્રપ્રભ અરિહંત–મહારાજ;
ચંદ્ર સરીખી ઉજલી, જેહના તનની[2] કાંતિ–મહારાજ !
તે સાહિબ શું મન લાગ્યું, સુખકારી સેણ[3]–મહારાજ !
નેહાળે[4] નેણ[5]-મન૦ શશિલંછન[6] સેતી –મહારાજ !(૧)

અજુઆળે એક મેદની[7] શશહર[8] કેરી જ્યોત–મહારાજ !
મુજ સાહિબ જ્ઞાને કરી, ત્રિભુવન કરે ઉદ્યોત–મહારાજ !
દિનકરનેં[9] તેજેં કરી, દીસેં શશહર[10] દીન–મહારાજ !
તે દિનકર કિંકર પરે, પ્રભુ-ચરણે રહે લીન–મહારાજ !(૨)

અમૃત[11]-સ્ત્રાવી ચંદ્રમા, પ્રભુ અનુભવ-રસ ગેહ–મહારાજ !
ચાતુર ભવિક-ચકોરને રે, નેણ[12] ઉપાએ નેહ[13]–મહારાજ !
ચંદ્રકળા પડતે[14] પખે, દિન દિન થાયે દૂર–મહારાજ !
મુજ પ્રભુ સકળ કળા[15]નીલો, નિત નિત ચઢતે નૂર[16]–મહારાજ !(૩)

ચંદ્ર કલંકી અવતર્યો, મુજ સાહેબ નિકલંક–મહારાજ !
લંછનમિસી[17] સેવા કરે, ઈમ જાણી પ્રભુ–અંક[18]–મહારાજ !
શાંત-સુધારસ ચાખવા, અધિક ધરી આણંદ–મહારાજ !
**હંસ** કહે ભવિ સેવજો ! ચંદ્રપ્રભ–જિનચંદ-મહારાજ !(૪)

---

૧. નવા ૨. શરીરની ૩. સહારો ૪. સ્નેહપૂર્ણ ૫.નયનથી ૬. ચંદ્રના લંછનવાળા ૭. જગત=પૃથ્વીને ૮. ચંદ્રની ૯. સૂર્યના ૧૦. ચંદ્ર ૧૧. અમૃત ઝરનાર ૧૨. નેત્રથી ૨૩. પ્રેમ=રાગ ૧૪. અંધારા પખવાડિયામાં ૧૫. કલાથી ભરેલ ૧૬. તેજ ૧૭. વાદળાથી ૧૮. લાંછન

## કર્તા : શ્રી મોહનવિજયજી મ.

(નંદસલુણા નંદનારેલો—એ દેશી)

શ્રી શંકર ચંદ્રપ્રભ રે લો, તું ધ્યાતા જગનો વિભુરે લો,
તિણે હું ઓળગે[1] આવીઓરે લો, તુમે પણ મુજને મયા[2] કિયો રે લો○....(૧)

દીધી ચરણની ચાકરી રે લો, હું સેવું હરખે કરી રે લો,
સાહિબ સાહમું નિહાલજ્યો રે, ભવસમુદ્રથી તારજ્યો રે લો○...(૨)

અગણિત ગુણ ગણવા તણી રે લો○ મુજ મન હોંશ ધરે ધણી રે લો;
જિમ નભને[3] પામવા[4] પેખી રે લો, દાખે બાલક કરથી લખી રે લો○...(૩)

જો જિન તું છે પાંસરો[5] રે લો, કરમ તણો શ્યો આસરો રે લો,
જો તુમેં રાખશો ગોદમાં રે લો, તો કિમ જાશું નિગોદમાં રે લો○....(૪)

જબ તાહરી કરુણા થઈ રે લો, કુમતિ કુગતિ દૂરે ગઈ રે લો,
અધ્યાતમ રવિ ઉગીયો રે લો, પાપ-તિમિર[6] કિહાં પૂગીઓ રે લો○....(૫)

તુજ મૂરતી માયા જિસી રે લો, ઉર્વશી થઈ ઉઅરે વસી રે લો,
રખે પ્રભુ ટાળો એક ઘડી રે લો, નિજર વાદળ છાંહડી રે લો○....(૬)

તાહરી ભક્તિ ભલી બની રે લો, જિમ ઔષધિ સંજીવની રે લો,
તવ મન આણંદ ઉપનો રે લો, કહે મોહન કવિ-રુપનો રે લો○....(૭)

---

૧. સેવાએ ૨. દયા ૩.આકાશને ૪. માપવા ૫. અનુરૂપ ૬. અંધકાર

## કર્તા : શ્રી રામવિજયજી મ.

**(થાં પરિવારિ મારા સાહિબા, કાબુલ મત ચાલો—એ દેશી)**

ચંદ્રપ્રભની ચાકરી, મુને લાગી મીઠી
જગમાં જોડી જેહની[૧], કિહાં દીસે ન દીઠી—ચંદ્ર૦(૧)

પ્રભુને ચરણે માહરૂં, મનડું લલચાણું
કુણ છે બીજો જગે ? જિણે જોયે પલટાણું[૨]—ચંદ્ર૦(૨)

કોડિ[૩] કરી પણ અવર[૪] કો, મુજ હિયડે નાવે
સુરતરૂફૂલે[૫] મોહિયો, કિમ આક[૬] સોહાવે—ચંદ્ર૦(૩)

મુજ પ્રભુ મોહનવેલડી, કરૂણાશું ભરીઓ
પ્રભુતા પૂરી ત્રિભુવને, ગુણ-મણિનો દરિઓ—ચંદ્ર૦(૪)

જિમ જિમ નિરખું નયણડે, તિમ હિયડું હુલસે[૭]
એક ઘડીને અંતરે, મુજ મનડું તલસે[૮]—ચંદ્ર૦(૫)

સહજ[૯]-સલૂણો સાહિબો, મળ્યો શિવનો સાથી
સહજે જીત્યો જગતમેં, પ્રભુની સેવાથી—ચંદ્ર૦(૬)

**વિમળવિજય** ગુરૂ શિષ્યનો, શિષ્ય કહે કર જોડી
**રામવિજય** પ્રભુ નામથી, લહે સંપદ કોડિ—ચંદ્ર૦(૭)

---

૧. જે પ્રભુની ૨. ફરી શકે ૩. ક્રોડ પ્રયત્ન ૪. બીજા કોઈ ૫. કલ્પવૃક્ષના ફળથી ૬. આકડો ૭. ઉમંગભેર પ્રસન્ન થાય ૮. ઝંખના કરે ૯. સ્વાભાવિક રીતે સુંદર

## કર્તા : શ્રી રામવિજયજી મ.

(રાયજી અમે ન હિંદુવાણા કે, રાજ ! ગરાસીયારે લો-એ દેશી)

જિનજી ચંદ્રપ્રભ ! અવધારો કે, નાથ નિહાળજો રે લો
બમણી બિરૂદ ગરીબ-નવાજ કે, વાચા પાળજો રે લો
હરખે હું તુમ શરણે આવ્યો કે, મુજને રાખજો રે લો
ચોરટા ચ્યાર ચુગલ[1] જે ભુંડા કે, તેહ દૂરે નાખજો રે લો.(૧)

પ્રભુજી ! પાંચતણી [2] પરશંસા કે, રૂડી થાપજો રે લો
મોહન ! મહેર કરીને દર્શન, મુજને આપજો રે લો
તારક ! તુમ પાલવ[3] મેં ઝાલ્યો કે, હવે મુને તારજો રે લો
કુતરી કુમતિ થઈ છે કેડ[4] કે, તેહને વારજો રે લો.(૨)

સેંદરી[5] સુમતિ સોહાગણ સારી કે, પ્યારી છે ઘણી રે લો
તાતજી ! તે વિણ જીવેં ચૌદ, ભુવન કર્યું આંગણું રે લો
લખ ગુણ લખમણા[6] રાણીએં જાયો કે, મુજ મન આવજો રે લો
અનુભવ અનોપમ અમૃત મીઠો કે, સુખડી લાવજ્યો રે લો.(૩)

દીપતી દોઢસો ધનુષ પ્રમાણ કે, પ્રભુજીની દેહડી રે લો
દેવની દશ પૂરવ લખ માનકે, આઉખું વેલડી રે લો
નિરગુણ નિરાગી પણ હું રાગી કે, મનમાંહે રહો રે લો
શુભ ગુરૂ **સુમતિવિજય** સુપસાય કે, **રામેં** સુખ લહ્યો રે લો.(૪)

---

૧. બદમાશ ૨. પાંચ પરમેષ્ઠિની ૩. છેડો ૪. પાછળ ૫. સુંદર ૬. પ્રભુજીની માતાનું નામ છે

## કર્તા : શ્રી કાંતિવિજયજી મ.

### (નાનો નાહલો રે-એ દેશી)

શ્રી ચંદ્રપ્રભ ચિત્તથીરે, ન રહે અળગો નાહ[1], —સ્વામી આઠમો રે
તો પણ પ્રત્યક્ષ[2] ભેટવા[3] રે, ન મિટે ચિત્તની ચાહ[4] —સ્વામી૦(૧)

રંગ[5]-તરંગ ઉમંગના[6] રે, લખ આવે લખ જાય—સ્વામી૦
મિલન મનોરથ પંથીઓ રે, ઝૂકી ઝૂકી ઝોલા ખાય—સ્વામી૦(૨)

લિખતાં ન ચડે લેખમાં રે, નાવે વચન વિચાર—સ્વામી૦
જેહ માયેં તું તેં લહેરે, લગનતણો વ્યવહાર—સ્વામી૦(૩)

મિલયું મોટા લોકથી રે, તે આભ[7]ભરવી બાથ—સ્વામી૦
આલંબન[8] દ્યે દુબલારે, નિપટ ભલા તે નાથ—સ્વામી૦(૪)

ચંદ્ર-લંછન જિનની ચાકરી રે, પોહતી પ્રેમ પ્રમાણ—સ્વામી૦
**કાંતિવિજય** વાંદતાં રે, વાગ્યાં ગહિર[9]-નિશાન—સ્વામી૦(૫)

---

૧. નાથ-સ્વામી ૨. રૂબરૂ ૩. મળવા ૪. ઈચ્છા ૫. જાતજાતના વિકલ્પો ૬. હર્ષના ૭. આકાશ સાથે ૮. દુબલાને જે આલંબન દે-આપે, તે જ ખરેખર સાચા નાથ કહેવાય, (ચોથી ગાથાના ઉત્તરાર્ધનો અર્થ) ૯. ગંભીર=જોરદાર

## કર્તા : શ્રી ન્યાયસાગરજી મ.

(નયણ મટકડે જાઉલો યોગી દારૂડો પિલાવે-એ દેશી)

નયણ[1]-મટકડે મીઠડો વાહલો દીઠલો[2] સુહાવે
મેરો સ્વામી સાધુ નામ વિશ્વમેં ધરાવે
તીન લોક લચ્છીઓ ત્રિગડે દિખાવે—નયણ૦(૧)

વીતરાગ રાગ બિરૂદસેં મિલાવે;
સેવે[3] તાસ મોક્ષવાસ ઓરકું ઝૂલાવે—નયણ૦(૨)

લોક લાખ બોલે ભાખ એકલો કહાવે;
અણહુંતે એક કોડિ દેવ દોડી આવે—નયણ૦(૩)

તું અ-નાથ વિશ્વનાથ સંપદા ચલાવે;
તું અનેક રૂપ એક જોગસેં જગાવે—નયણ૦(૪)

તું અલીહ[4] તું અબીહ[5] કૌન ભેદ પાવે,
ન્યાય પૌન[6]ચંદ્ર જ્યૌતિ જ્યૌતિસોં મિલાવે—નયણ૦(૫)

---

૧. આંખના મટકે ૨. દેખ્યો ૩. સેવે તેને મોક્ષ અને બીજાને લટકતા રાખે (ત્રીજી ગાથાના ઉત્તરાર્ધનો અર્થ) ૪. રાગ વિનાનો ૫. અભય ૬. પૂનમના ચંદ્રની

## કર્તા : શ્રી ન્યાયસાગરજી મ.

(મેડી ઉપર મેહ ઝબૂકે વીજળી હો ઝબૂકે—એ દેશી)

શ્રી ચંદ્રપ્રભ જિનરાજ, ઉદિત મન અંબરે હો લાલ–ઉદિત૦
વદને જિત દ્વિજરાજ[1], રહ્યો સેવા કરે હો લાલ–રહ્યો૦....(૧)

લંછનમિસિ નિતુ પાય, રહ્યો કરે વિનતિ હો લાલ–રહ્યો૦
નિત્ય ઉદય નિકલંક, કરો મુજ જિનપતિ હો લાલ–કરો૦....(૨)

શ્રી મહસેન નરેશ કુલાંબુજ ચંદ્રમાં હો લાલ–કુલા૦
લખમણા માત મલ્હાર, જિણંદ છો આઠમા હો લાલ–જિણંદ૦.....(૩)

વિધુ[2]રૂચિ[3] દેહ અનેહ[4], અગેહ અંસગ છે હો લાલ—અગેહ૦
આઠમો ચંદ નેં સુખકર, અચરિજ એહ છે હો લાલ–અચ૦.....(૪)

આઠ કર્મોનો નાશ, કરી અડ સિદ્ધિ લહી હો લાલ–કરી૦
ન્યાયસાગર કવિરાજે, પ્રભુના ગુણ કહ્યા હો લાલ–પ્રભુ૦....(૫)

---

૧-૨. ચન્દ્રમા ૩. કાન્તિ ૪. નિર્દોષ

## કર્તા : શ્રી પદ્મવિજયજી મ.

(મુખને મરકલડે-એ દેશી)

શ્રી ચંદ્રપ્રભ જિનરાયજી–જિનવર જયકારી
નવસે કોડી અયર વિચે થાયજી–ભવિજન હિતકારી
ચૈત્ર વદી પાંચમેં ચવીયાજી–સહુ જન સુખકારી;
નારકી સુખ લહે અણમવીયાં[1], જી ભવિજન ભયહારી૦(૧)
પોષ વદી બારસને દિન્નજી–જન્મ્યા જાઉં વારી
કુંદ ઇંદુ ગોખીર સમ તન્નજી–જાઉં હું બલીહારી
જસ દોઢસો ધનુષની કાયાજી–ઉંચ પણે ધારી;
પોષ વદી તેરસે વ્રત પાયાજી-છોડી કંચન–નારી૦(૨)
ફાગણ વદી સાતમે પામ્યાજી-સર્વજ્ઞ પદભારી
સુર-અસુર મળી શિર નામ્યાજી–મહોચ્છવ કરે ત્યારી
ભાદરવા વદી સાતમે વરીયાજી–શિવસુંદરી સારી
આયુ દશ લાખ પૂરવ ધરીયાજી–બહુ ભવિજન તારી૦(૩)
કોઈ અપૂરવ ચંદ્રમાં એહજી–લંછને અધિકારી;
નવિ રાહુ ગ્રહણ કરે જેહજી–નિત ઉદ્યોતકારી
નવિ મેઘ આવે જસ આગેજી–કાંતિ શોભા હારી,
નવિ ખંડિત હોય કોઈ માગેજી–સહુ નમે નિરધારી૦(૪)
તું સાહિબ જગનો દીવોજી–અંધકાર વારી,
લક્ષ્મણા નંદન ચિરંજીવોજી–જગમોહનકારી
કહે **પદ્મવિજય** કરું સેવાજી–સર્વ દૂરે ડારી,
જિમ લહિયેં શિવસુખ મેવાજી–અનોપમ અવધારી૦(૫)

૧. માપ્યા વિના=ઘણું

## કર્તા : શ્રી પદ્મવિજયજી મ.

### (ધણરાઢોલા-એ દેશી)

ચંદ્રપ્રભ-જિન આઠમા રે, પામ્યા પૂર્ણ સ્વભાવ-જિનવર ધ્યાવો
પૂર્ણતા મુજ પ્રગટ થવા રે, છો નિમિત્ત નિષ્પાવ-જિન૦
ધ્યાવો ધ્યાવો રે ભવિક ! જિન ધ્યાવો, પ્રભુ ધ્યાતાં દુઃખ પલાય-જિન૦(૧)
પરઉપાધિની પૂર્ણતા રે, જાચિત મંડન તેહ-જિન૦
જાત્યરત્ન સંપૂર્ણતાં રે, પૂર્ણતા શુભરેહ-જિન૦(૨)
કલ્પનાથી જે અ-તાત્વિકી રે, પૂર્ણતા ઉદધિકલ્લોલ-જિન૦
ચિદાનંદનધન પૂર્ણતા રે, સ્તિમિત-સમુદ્રને તોલ-જિન૦(૩)
પૂર્યમાન હાનિ લહે રે, અ-સંપૂર્ણ પૂરાય-જિન૦
પૂર્ણાનંદ સ્વભાવ છે રે, જગદદ્ભૂતનો દાય-જિન૦(૪)
પૂર્ણાનંદ જિણંદને રે, અવલંબે ધરી નેહ-જિન૦
ઉત્તમ પૂર્ણતા તે લહે રે, **પદ્મવિજય** કહે એહ-જિન૦(૫)

## કર્તા : શ્રી વિજયલક્ષ્મીસૂરિ મ.

### (માળા કિહાં છે રે-એ દેશી)

ચંદ્રપ્રભજિન ત્રિભુવન દીપક, જીપક અરિગણ ભવિંદા રે
આઠ કરમ વિનુ ગુણ જસ પ્રગટયાઁ,
આતમ ઠાણે સુખકંદા રે, ભવિકજન ! વંદો રે, ચંદ્રપ્રભ જિનચંદ૦(૧)
જ્ઞાનાવરણી કર્મ ક્ષયેં તુજ, કેવલજ્ઞાન અનંતું રે,
વિશ્વરૂપ-વિભાસન સમર્થ, વિશેષ પ્રકારે સંતુ રે-ભ૦(૨)

દંસણાવરણી કર્મ ઉછેદેં, સામાન્ય સ્વરૂપ વિભાસેં રે,
દુવિધ વેદની મૂલ વિનાશે, અવ્યાબાધ સુખ થાશે રે—ભ૦(૩)
ત્રિભુવન જોતા મોહ પણઠેં, ક્ષાયિક દુગ નિશંક રે,
પંચમ કર્મ ભરમ નિવારી, સાદિ-અનંત સ્થિતિ અંક રે—ભ૦(૪)
વિગત નામ કર્મથી પુનરપિ, રૂપાદિક ન લહંત રે,
ગોત્ર કર્મ દહનથી સિદ્ધગુણ, અગુરૂલઘુ ઉલસંત રે—ભ૦(૫)
દાનાદિક જસ લબ્ધિ અગાધ, વિઘન કર્મનેં વિનાશે રે,
ઈમ તુમ ગુણ પ્રગટયા સિદ્ધરૂપેં, એક જ આતમ આવાસેં રે—ભ૦(૬)
પ્રભુ ગુણ રાગે જે દિપંતા, છંડે તે ભવસંયોગ રે,
**સૌભાગ્ય-લક્ષ્મીસૂરી** ગુણરસિકતા, દિનમણિ સમ ઉદ્યોગ રે—ભ૦(૭)

## કર્તા : શ્રી કીર્તિવિમલજી મ.

ચંદ્રપ્રભ જિન સાહિબા, તું છે ચતુર સુજાણ-મહારાજ
સેવક-જનની વિનતી, એ તું દિલમાં આણ-મહારાજ—ચં૦(૧)
કાલ અનાદિ હું ભમ્યો, કહેતાં નાવે પાર-મહારાજ
એકેંદ્રિની જાતિમાં, અનંત, કાલ અવધાર—મહારાજ—ચં૦(૨)
એમ વિકલેંદ્રિની જાતિમાં, વસીઓ કાલ અસંખ્ય-મહારાજ
છેદન-ભેદન વેદના, સહી તે અસંખ્ય-મહારાજ—ચં૦(૩)
પુણ્ય-જોગ વલી પામીઓ, પંચેંદ્રિની જાતિ-મહારાજ
તે માંહે અતિ-દોહિલી, માનવની ભલી જાતિ-મહારાજ—ચં૦(૪)
હવે તુમ્હ સેવા પામીઓ, તો સર્યો મુજ કાજ-મહારાજ
**ઋદ્ધિ-કીર્તિ** અનંતી થાપીયે, આપો શિવનું રાજ -મહારાજ—ચં૦(૫)

## કર્તા : શ્રી દાનવિમલજી મ.

ચંદ્રપ્રભ જિન ચંદ્ર તણી પેરે, શીતલ જેહની કાંતિ
મૂર્તિ ન વળી નિરખી મિથ્યાતણી, ભાંજી ભવની ભ્રાંતિ....(૧)

કર જોડીને કરું હું વિનતિ, મન તે કરે વાંરવાર
તું દુઃખ-ટાલક પાલક જગે સુણ્યા, શરણાગત આધાર....(૨)

વિષયાતુરથી ગહિલો જિમ ભમ્યો, ગમ્યો કાલ અનંત
સંત દશામાં પામી તાહરું, મુખ દેખી ગુણવંત....(૩)

ક્ષણ એક દિલથી તું નવિ ઉતરે, જીવન તું જગદીશ
દીઠે મીઠી આંખ જ ઉઘડે, સાહિબ વિસવાવીશ....(૪)

લાલચ એક છે મારે મન ખરી, દાખશે સુખનો ઠામ
દેશે **દાનવિમલ** મયા કરી, પહોચશે સઘળી હામ....(૫)

## કર્તા : શ્રી વિનીતવિજયજી મ.

### (દેશી-નીંદરડીની)

ચંદ્રપ્રભા ગુણ ઊજલા, ચંદ્રપ્રભરે જિન ! તાહરી સેવ
કરીયેં તો ડરીયેં નહી, પિંડ ભરીયેં રે પુણ્યે દેવાધિદેવ-
ચંદ્રપ્રભા ગુણ ઊજલા૦(૧)

સોળકળા પૂરણ ભર્યો, મુનિમનોને જેસો શરદ ચંદ
રજત કાંતિ જિનરાજનો, મુખ દીઠેરે હોયેં નયણાનંદ–ચંદ્ર૦(૨)

લંછન મિસિ પ્રભુ વિનવે, મુજ ટાળિયેરે ભવભ્રમણનો ફંદ
ચરણકમલ જિન તાહરા, દિન રાતેંરે સેવે ચંદસુરિંદ–ચંદ્ર૦(૩)

અરજ કરે વળી એહવી, [1]ગ્રહગણપતિહો પ્રભુ ગુણમણિધામ
મલિન કલંક જગ માહરૂં દૂરે હરો હો પૂરો વંછિત કામ–ચંદ્ર૦(૪)

ચતુર-ચકોર જે ભવિજના, તે ચાહે રે તુજ દરિસ અમૂલ
**મેરૂવિજય** કવિરાજનો, શિષ્ય **વિનીત**નેં રે દિઓ સુખ અનુકૂળ–ચંદ્ર૦(૫)

૧. ચંદ્ર

## કર્તા : શ્રી અમૃતવિજયજી મ.

(રાગ-ટોડી)

એ દેખી તેરી લીલા, તેરી લાલ બરની ન જાત મોવે !
સુર નરપતિ સેવે જાકે ચરન–એ૦(૧)
તખત[1] જત્રાવ જડ્યો, શિરપર છત્ત ધરયો
તાકે બીચ બેઠે સોહે, નભમેં રતન–એ૦(૨)
દેવનકો તુંહીં દેવ, ત્રિભુવન સારે સેવ
ઐસે જિનરાજ, દેખો ચિત્તાકો ઠરન–એ૦(૩)
લક્ષ્મણાનંદ તેરો, ચંદ જેસો ગાત તેરો
કહે **અમૃત** સબ સુખકો કરન–એ૦(૪)

૧. સિંહાસન

## કર્તા : શ્રી પ્રમોદસાગરજી મ.

(નંદનકું ત્રિશલા હુલરાવે-એ દેશી)

શ્રીચંદ્રપ્રભ[1] સાહિબ મેરા, શશીકર[1] ઊજલ[2] દેહરે—શ્રી૦
ચંદ્રલંછન[3] નિજ ચરણે શોભે, અડ મહાસિદ્ધિ ગેહરે—શ્રી૦॥૧॥
ચ'દ્રાનના[4] નગરીનો નાયક, મહસેન[5] રાજાના જાત રે ।
દશલખ પૂરવ આયુ[6] અનોપમ, લક્ષ્મણા[7] માત વિખ્યાત રે; શ્રી૦॥૨॥

કાયા[8] સાર્ધશત ધનુ માને, ત્ર્યાંણું ગણધર[9] જાસ રે ।
વિજયાસુર[10] ભ્રુકુટી[11] તસ દેવી, નવિ છંડે પ્રભુ પાસરે; શ્રી૦॥૩॥

સાર્ધ દો લાખ મુનિજન[12] કહીયે, ગુણમણિગણ ભંડાર રે ।
તીણલખ સહસ એંશી ઝાઝેરી, સાહુણી[13] પરિવાર રે—શ્રી૦॥૪॥

અષ્ટાદશ ગુરૂ-દોષ નિવારણ, તારણ એ જિનરાજ રે ।
**પ્રમોદસાગર પ્રભુ ચરણ પ્રસાદે, દુશ્મન દૂરે ભાંજેરે—શ્રી૦॥૫॥**

---

૧. ચંદ્રના કિરણ જેવો

## કર્તા : શ્રી ભાણચંદ્રજી મ.

(દેશી-આછેલાલની)

ચંદ્રપ્રભ જિનચંદ્ર, આઠમો પૂરણાનંદ;
આછે લાલ ! દીઠો અતિશય શોભતોજી૦॥૧॥

[1]મંદરમહીધર ધીર, પ્રાપ્ત ભવોદધિ તીર,
આછે લાલ ! ભવ પડતાંને થોભતાજી૦॥૨॥

રાગાદિક જે અપાય, જેહથી ભવવૃદ્ધિ થાય,
આછે લાલ ! દૂર કર્યા તે દોષનેજી૦॥૩॥

વાર્યો મોહ જંજાળ, સંતત કર્મ જ બાલ;
આછે લાલ ! પામ્યા સર્વ ગુણ પોષનેજી૦॥૪॥

કરતા જગ ઉપકાર, ધર્મદેશના જળધાર,
આછે લાલ ! સાર વચને ભવિ બૂઝવેજી૦॥૫॥

સંયમ સત્તર પ્રકાર, ભાવ આમય પ્રતિકાર,
આછે લાલ અતિચાર વ્રણ રૂઝવેજી૦॥૬॥

કેવળજ્ઞાન પ્રકાશ, ભવિજન કમળ વિકાશ,
આછે લાલ ! કરતો દિનમણિની પરેજી૦॥૭॥

મહિયલ કરે વિહાર, સકળ લોક સુખકાર,
આછે લાલ ! જિહાં આદર તિહાં સંચરેજી૦॥૮॥

એહવો તીરથનાહ, ભેટ્યો અધિક ઉચ્છાહ,
આછે લાલ ! હર્ષ અથાગ હૈયે થયોજી૦॥૯॥

**વાઘજી મુનિનો ભાણ**, કહે પ્રભુ અનંત વિનાણ,
આછે લાલ ! સમતાસાગર તું જયોજી૦॥૧૦॥

---

૧. મેરૂ પર્વત

## કર્તા : શ્રી ખુશાલમુનિજી મ.

(આસો માસે શરદપૂનમની રાતજો-એ દેશી)

સાહિબો મારો ! ચંદ્રપ્રભ જિનરાજ જો
ભવિક રે ચકોર નયનડે ચંદ્રમા રે લો
સાહિબ માહરા ! તીન ભવન શિરતાજ જો
છાજે રે ઠકુરાઈ પદવી તીરમાં રે લો૦..॥૧॥
સાહિબ માહરા ! વાણી યોજન માનજો
રૂડીરે [1]ધુની ગાજે મેઘતણી પરે રે લો
સાહિબ માહરા ! [2]કર્ણ પુઠે એક તાન જો
સાંભળતાં ન રહેરે સંશય ચિત્ત ઠરે રે લો૦..॥૨॥
સાહિબ માહરા ! દેવ રચિત તિહાં ફૂલ જો
પંચરે વર્ણના પગર સોહામણો રે લો
સાહિબ માહરા ! ચામર છત્ર અમૂલ્ય જો
પુંઠેરે ભામંડળ સોહે અતિ ઘણો રે લો૦..॥૩॥
સાહિબ માહરા ! સુર-દુંદુભિનો નાદ જો
વાજેરે ભાંજે સવિ દુખડાં દેહનાં રે લો
સાહિબ માહરા ! જાયે દૂર વિષાદ જો
પાતિકડાં રે ઉભાં ન રહે કેહનાં રે લો૦..॥૪॥
સાહિબિયાજી ! તું છે માહરો નાથ જો
હું છું રે લઘુ સેવક દિલમાં જાણજો રે લો
સાહિબાજી ! તું શિવનગરીનો સાથ જો
મુજરોરે **ખુશાલમુનિનો** માનજો રે લો૦..॥૫॥

---

૧. ધ્વનિ-અવાજ ૨. કાનને સ્પર્શે છે

## કર્તા : શ્રી ચતુરવિજયજી મ.

(કુંવર ગભારો નજરે દેખતાંજી-એ દેશી)

તું મનમોહન જિનજી માહરોજી, જગબંધવ જગભાણ રે ।
કરૂણાનજરે નિહાલતાંજી, હોવે તે કોડ કલ્યાણરે–તું૦॥૧॥
પ્રગટયા તે પૂરવ પુણ્યનાજી, અંકુરા જગ આધાર રે ।
શશિ શિરોમણી છે ભલોજી, લંછન તસ આધાર રે–તું૦॥૨॥
ખિણખિણ મુલકને કારણેજી, મહોદય મોટો થાય રે ।
અવલંબવા ઈચ્છા ઘણીજી, તુજ ગુણ જિનજી ! સહાયરે–તું૦॥૩॥
આશ્યા-વિલુદ્ધા જે રહ્યાજી, યાચકજન વળી દાસ રે ।
[1]માધુરતા મધુરસ્વરેજી, પૂરીજે તેહની આશ રે–તું૦॥૪॥
તુજ મુજ [2]અંતર છે નહિજી, જિમ કસ્તુરી [3]ઘનવાસરે
ચંદનતા સુચંદનેજી, પ્રેમે ચતુર પ્રકાશરે–તું૦॥૫॥

૧. હૈયાની મીઠાશ ૨.ભેદ ૩. નક્કર સુગંધ

## કર્તા : શ્રી દેવચંદ્રજી મ.

(શ્રી શ્રેયાંસજિન અંતરજામી-એ દેશી)

શ્રી ચંદ્રપ્રભ જિન-પદ સેવા, હેવાયે જે હળિયાજી ।
આતમ-ગુણ-અનુભવથી મળિયા, તે ભવભયથી ટળિયાજી–શ્રી૦..॥૧॥

દ્રવ્યસેવ વંદન-નમનાદિક, અર્ચન વળી ગુણગ્રામોજી ।
ભાવ અભેદ થાવાની ઈહા, પરભાવે નિઃકામોજી–શ્રી૦..॥૨॥

ભાવસેવ અપવાદે નૈગમ, પ્રભુ-ગુણને સંકલ્પેજી ।
સંગ્રહ-સત્તા તુલ્યારોપે, ભેદાભેદ વિકલ્પેજી–શ્રી૦..॥૩॥
વ્યવહારે બહુમાન જ્ઞાનનિજ, ચરણે નિજ–ગુણ રમણાજી ।
પ્રભુ-ગુણ આલંબી પરિણામે, ઋજુપદ ધ્યાને સ્મરણાજી–શ્રી૦..॥૪॥
શબ્દે શુકલ-ધ્યાનારોહણ, સમભિરૂઢ ગુણ દશમેજી ।
બીએ[1] શુકલ અવિકલ્પ એકત્વે, એવંભૂત તે અ-મમેંજી–શ્રી૦..॥૫॥
ઉત્સર્ગે સમકિત-ગુણ પ્રગટયે, નૈગમ પ્રભુતા અંશેજી ।
સંગ્રહ આતમસત્તાલંબી, મુનિપદ ભાવ પ્રશંસે–શ્રી૦..॥૬॥
ઋજુસૂત્રે શ્રેણિ-પદસ્થે, આત્મશક્તિ પ્રકાશેજી ।
યથાખ્યાત પદ શબ્દ-સ્વરૂપે, શુદ્ધ-ધર્મ ઉલ્લાસેજી–શ્રી૦..॥૭॥
ભાવસયોગી અયોગી શૈલેશે, અંત્ય દુગ-નય જાણેજી ।
સાધનતા એ નિજ-ગુણ-વ્યક્તિ, તે સેવના વખાણેજી–શ્રી૦..॥૮॥
કારણ ભાવ તેહ અપવાદે કાર્ય રૂપ ઉત્સર્ગેજી ।
આત્મભાવ તે ભાવદ્રવ્યપદ, બાહ્ય પ્રવૃત્તિ નિસર્ગોજી–શ્રી૦..॥૯॥
કારણભાવ-પરંપર-સેવન, પ્રગટે કાર્ય-ભાવોજી ।
કાર્ય-સિદ્ધે કારણતા-વ્યય, શુચિ પરિણામિક ભાવોજી–શ્રી૦..॥૧૦॥
પરમ ગુણી-સેવન તન્મયતા, નિશ્ચય-ધ્યાને ધ્યાવેજી ।
શુદ્ધાતમ અનુભવ-આસ્વાદી દેવચંદ્ર-પદ પાવેજી–શ્રી૦..॥૧૧॥

---

૧. શુકલધ્યાનના બીજા પાયે

## કર્તા : શ્રી જીવણવિજયજી મ.

### (પુક્ખલવઈ વિજયે જયો રે, એ દેશી)

ચંદ્રપ્રભજીની ચાકરી રે, દ્રાખ-સાકર થેં મીઠ-જિનેસર ।
સફલ કર્યો સંસારમાં રે, જન્મ જેણે જિન દીઠ—જિનેસર ॥૧॥

વહાલો તું વીતરાગ, મુઝ મલિયો મોટે ભાગ—જિનેસર ।
વળી પહોંતે પુણ્ય અથાગ, કરૂં સેવા હું ચરણે લાગ—જિને૦ વહાલો૦ ॥૨॥

[૧]મેવાસી [૨]ભડ મારીઓ રે, મયણ મહા-દુરદંત—જિને૦ ।
[૩]વિષયા-[૪]તરુણી વેગળી રે, મૂકી થયા મહંત રે—જિને૦ વહાલો૦ ॥૩॥

[૫]કરડા કર્માષ્ટક ચોરટા રે, જિનપતિ જીત્યા જેહ—જિને૦ ।
તૃષ્ણા-દાસી જે તજી રે, મુઝ મન અચરિજ એહ—જિને૦ વહાલો૦ ॥૪॥

દોષ દોય [૬] દોહાવિયા રે, ધુરથી રાગ ને દ્વેષ—જિને૦ ।
જગવ્યાપી યોધ લોભને રે, રાખ્યો નહિ કાંઈ રેખ—જિને૦ વહાલો૦ ॥૫॥

અરિયણ જીતિ આકરા રે; વરિયો કેવલનાણ—જિને૦ ।
લક્ષ્મણા માતનો લાડલો રે, કરતો સફલ[૭] વિહાણ—જિને૦ વહાલો૦ ॥૬॥

પામી તેં તે હું પામશું રે, લીલા લહેર ભંડાર—જિને૦ ।
કહે જીવણ જિનજી કરો રે, નિશદિન હર્ષ અપાર—જિને૦ વહાલો૦ ॥૭॥

---

૧. માથાભારે ઠાકોર, ૨. મોટો ૩. વાસના ૪. સ્ત્રી ૫. કઠોર ૬. થકવી દીધા ૭. પ્રભાત

## કર્તા : શ્રી દાનવિજયજી મ.

### (વીર જિણંદ જગત ઉપકારી)

ચંદ્રપ્રભ-પ્રભુને કિમ દીજે ? ચંદ્ર તણું ઉપમાન રે ।
જિનવર-[1]શશધર વિવરી[2] જોતાં, ગુણ-અધિક ભગવાન રે—ચંદ્ર૦..॥૧॥
ચંદ્ર કલંકી પ્રભુ-તનુમાંહી, કોય કલંક ન દીસે રે ।
નિશિ-વાસર જિનરાજ [3]સ-તેજો, [4]શશી નિસ્તેજો દિવસે રે—ચંદ્ર૦..॥૨॥
સૂરજ-મંડલ માંહી મિલે જબ, તવ [5]અ-છતો શશી થાયે ।
તે સૂરજ પણ પ્રભુને આગે, ખજૂઆ જેમ જણાયે રે—ચંદ્ર૦..॥૩॥
દ્રવ્ય-અંધાર હરે [6]રજનિ-કર, તે પણ [7]અંતર-પાખે ।
જિનવર ભાવ-અંધાર નિવારે, રતિ-માત્ર નવિ રાખે રે,—ચંદ્ર૦..॥૪॥
જગમાં ચંદ્ર-અસંખ્ય જિનેશ્વર, એક એ છે ઉપગારી રે ।
દાન કહે સેવે [8]તિણે પ્રભુને, લંછન-મિષે શશધારી રે—ચંદ્ર૦..॥૫॥

૧. ચંદ્ર ૨. ખુલાસાવાર ૩.તેજસ્વી ૪. ચંદ્ર ૫. દેખાય નહી તેવો ૬. ચંદ્ર ૭. આંતરવાળા, પખવાડીએ એટલે વારાફરતી પખવાડીએ ૮. તે કારણથી

## કર્તા : શ્રી મેઘવિજયજી મ.

### (ઋષભ જિનેસર પ્રીતમ માહરો રે-એ દેશી)

ચાંદલીયા ! સંદેશો કહે મારા સ્વામીને રે, વંદન વારંવાર ।
શ્રી ચંદ્રપ્રભ-ચરણે તું વસે રે, મુજ મન-તાપ નિવાર—ચાં૦..॥૧॥
દૂર દેશાંતર દેવ ! તુમે વસો રે, કારજ સવિ તુમ હાથ ।
સાથ ન કોઈ તેહવો સાંપડે રે, નયન મિલાવે નાથ—ચાં૦..॥૨॥

તુમ ગુણ સુણતાં મુજ મનડું ઠરે રે, નવલો જાગે નેહ ।
સાસોસાસ-[1]સમા તુમ સાંભરે રે, માન માને નિઃસંદેહ—ચાં૦..॥૩॥
મુગતિ-[2]માનિની મોહન ! મોહિયારે, આનંદમય અવતાર ।
વાત ન પૂછો સેવકની કદારે, એ કુણ ? તુમ આચાર—ચાં૦..॥૪॥
ચતુર ને ચિંતા ચિત્તની શું કહું રે, તુમ છો જગના જાણ ।
આપ-સ્વરૂપ પ્રકાશો આપશું રે, મહીયલ મેઘ-પ્રમાણ—ચાં૦..॥૫॥

## કર્તા : શ્રી કેશરવિમલજી મ.

**(સહજ સલુણો હો ! મિલીયો મારો સાહિબો-એ દેશી)**

આજ મેં દીઠો મીઠો જિનજી આઠમો, ચંદ્રપ્રભ બહુ-પ્રેમ ।
મૂરતિ નિરખી હો ! હરખી મોરી આંખડી, ચંદ ચકોરી જેમ—આજ૦॥૧॥

ચંદો વારી હો ! વારી નાખું વારિમાં, સાહિબ ! તુજ મુખ દેખી ।
ચંદો છે સરિસો હો ! જો પણ આઠમો, તું સુખદાયી વિશેષ—આજ૦॥૨॥

ઉજલો ગુણશું હો ! જોહી તોહી માહરૂં, તું મન રંજે રાય ।
એહ અચંબો હો ! મુજ મન રાગે તું રમે, તોહિ ન રંજયો જાય—આજ૦ ॥૩॥

તું નવિ રંજે હો ! રંજે સુર-નર-ચિત્તડાં, તુંહી નિરંજન તેણ ।
અંતર-ગતની હો ! તાહરી વાત કો લહે, અ-કલ-સરૂપી જેણ—આજ૦ ॥૪॥

એકજ તુમચી હો ! મૂરતિ મુજ હિયડે વસી પુણ્યથી સહ ઉલ્લાસ
સુપ્રસન્ન થઈ હો ! સાહિબ ! મુજ ભગતે મિલો, પૂરો મનતણી આશ આજ૦ ॥૫॥

અંક વિરાજે હો ! શરદ-પૂનમનો ચંદ્રમાં, ચંદ્રપ્રભ જિનરાય ।
કેશર જંપે હો ! સેવક જાણી આપણો, મહેર કરો મહારાય—આજ૦ ॥૬॥

## કર્તા : શ્રી કનકવિજયજી મ.

### (દેશી રસિયાની)

ચંદ્ર પ્રભ-જિન ચરણની ચાકરી, કીજે ચિત ધરી ચાહ-ઘણેરી ।
છાંડી સંગતિ દેવ અવરતણી, જે ન કરે [1]નિરવાહ [2]સહી કરી-
-ભાવે વંદુ જિનવર આઠમો.॥૧॥

જે જણ જણ નાહો દીસે કણા વડા, જે પડ્યા પરવશ દેવ-જગતમાં ।
જે સમરથ નહિ કારિજ સાધવા,
શ્યું કીજે ? તસ સેવ નિરંતર-ભાવે વંદુ૦.॥૨॥

જે ઘર ઘરના હો ! દીસે પાહુડા, લોભી લંપટ જેહ-વિશેષઈ ।
નેહ-વિહૂણા હો ! [3]જનને રીઝવે, જગ ધૂતારા રે તેહ-અ-લેખઈ ભાવે વંદુ૦॥૩॥

એહવા દેવની સેવા પરિહરી, દેવના દેવ કીધ-હરખ ધરી ।
સેવ્યાં જેથી વંછિત પામીઇ, લહીઇ જસ પરસિદ્ધ-અધિકતર ભાવે વંદુ૦॥૪॥

ત્રિકરણ-શુદ્ધિ ઇણિ પરિ સેવતાં, પ્રભુ ! પૂરિઈ કામિત કોડ-કૃપાનિધિ ।
નિજ - પય - પંકજ - સેવા આપીઈ, કહે કનકવિજય કરજોડ-જયંકર ભાવે વંદુ૦ ॥૫॥

---

૧. કાર્યસિદ્ધિ ૨. ખરેખર ૩. લોકોને રાજી કરનારા

## કર્તા : શ્રી રૂચિરવિમલજી મ.

("ઇડર આંબા આંબલી રે" એ દેશી)

શ્રી ચંદ્રપ્રભ વંદીએ રે, આણી અતિ ઉલ્લાસ-પ્રભુજી ।
હે ! પૂરો માહરી આશ । હું તુમ ચરણે દાસ-પ્રભુ આણી૦,
સુરતરુ ચિંતામણી સમોરે, પૂરણ લીલ વિલાસ-પ્રભુ૦...॥૧॥

તું ત્રિભુવન-જન-રાજીયો, રે ગુણ-નિધિ [૧]ગહર-ગંભીર ।
કર્મ અરિ-દલ જીતવારે, તુમ સમ અવર ન વીર–પ્રભુ૦...॥૨॥

હું અપરાધી તાહરો હો, તું સાહિબ ! શિરદાર !
મુઝ અવગુણ જાણી કરીરે, મત મુકો વિસાર–પ્રભુ૦...॥૩॥

અરજ કિશી તુઝ આગલે રે, તું જાંણે મન વાત ।
અવસર [૨]પહલે ન ચૂકીએ હો ! પ્રભુજી ! પરમ-વિખ્યાત-પ્રભુ૦...॥૪॥

તુમ દર્શન દીઠા વિનાં રે, [૩]ખિણ યુગ ચ્યાર પ્રમાણ ।
રૂચિર પ્રભુજીના નામથી હો, નવ નિધિ કોડિ કલ્યાણ–પ્રભુ૦...॥૫॥

---

૧. ખૂબ ૨. પ્રથમ ૩. એક ક્ષણ પણ ચાર યુગ જેવડી લાગે છે (પાંચમી ગાથાની બીજી લીટીનો અર્થ)

## કર્તા : શ્રી ભાવપ્રભસૂરિ મ.

### (નણદલની દેશી)

સજની ! હે ! સજની ! ચંદ્રપ્રભ ચિત્ત વસ્યો, દૂજો ન એહવો દેવ–સજની૦
બાહિર-અંતર ઉજલો, કીજે એહની સેવ-સજની । ચંદ્રપ્રભ૦..॥૧॥

બાહિર સ્ફટિક-સ્યા ઉજલા, મનના મેલા જેહ–સજની૦
કીધા ગુણ જાણે નહી, તેહશું ન કીજે નેહ–સજની૦ ચંદ્ર૦..॥૨॥

જે આચારે ઉજલો, પર-ઉપગારી સદાય–સજની૦
તે સાથે મન મેલીઈ, જન્મ-મરણ દુઃખ જાય–સજની૦ચંદ્ર૦..॥૩॥

અનુભવે એહજ ઉજલો, કથની કરણીએ શુદ્ધ–સજની૦
પણ મનમાં નવિ ધારીએ, ઉજલું એટલું દૂધ–સજની૦ચંદ્ર૦.॥૪॥

પ્રભુની પગ-રજ ફરસતાં, ઉપજે પરમ કરાર–સજની૦
**શ્રીભાવપ્રભસૂરિ** કહે, એહને તું ન વિસાર–સજની૦ચંદ્ર૦..॥૫॥

## કર્તા : શ્રી રતનવિજયજી મ.

### (તુમે બહુ-મૈત્રી રે સાહિબા-એ દેશી)

ચંદ્રપ્રભ જિન સાહિબા, શરણાગત-પ્રતિપાલ ।
દર્શન દુર્લભ તુમતણું, મોહન ગુણ-મણિમાલ-ચંદ્ર૦॥૧॥

સાચો દેવ દયાવળો, સહજાનંદનું ધામ ।
નામે નવ-નિધિ સંપજે, સીઝે વાંછિત કામ–ચંદ્ર૦॥૨॥

ધ્યેયપણે રે ધ્યાવતાં, ધ્યાતા ધ્યાન પ્રમાણ ।
કારણે કારણ નિપજે, એહવી આગમ-વાણ–ચંદ્ર૦॥૩॥

પરમાતમ પરમેસરૂ, પુરૂષોતમ પ્રધાન ।
સેવકની સુણી વિનતિ, કીજે આપ-સમાન–ચંદ્ર૦॥૪॥

શ્રદ્ધા-ભાસન-રમણતા, આણી અનુભવ અંગ ।
નિરાગીશું રે નેહલો, હોયે અ-ચલ અ-ભંગ–ચંદ્ર૦॥૫॥

ચંદ્રપ્રભ-જિન ચિત્તથી, મુકું નહિ જિનરાજ ! ।
મુજ તનુ-ઘર માંહે ખેંચીયો, ભક્તે મેં સાત રાજ–ચંદ્ર૦॥૬॥

ગુણનિધિ ગરીબ-નિવાજ છો !, કરૂણા-નિધિ કિરપાલ ।
ઉત્તમ વિજય-કવિરાજનો, રતન લહે ગુણમાલ–ચંદ્ર૦॥૭॥

## કર્તા : શ્રી માણેકમુનિ મ.

**(ઢાલ-સાહિબો તે ચાલઈ ચાકરીરે, સાહિબા અલબેલો એ-દેશી)**

ચંદ્રપ્રભ જિન ચાકરી રે, સાહિબા કરતાં કોડિ કલ્યાણ !-પ્રભુની ચાકરી રે ।
દેવ અદેવ સહુ કરે રે, સાહિબા ! સેવે ચતુર સુજાણ–પ્રભુ૦॥૧॥
કનક-કમલ ઠવી ચાલતાં રે સાહિબા । જિહાં આપે જિનરાય–પ્રભુ૦ ।
છત્ર ધરે શિર ઉપરિ રે, સાહિબા ! ચામર ઢાલૈ વાય–પ્રભુ૦॥૨॥
બહુ-સુગંધ જલ-છાંટણાં રે, કુસુમ-વૃષ્ટિ વરસંત;-પ્રભુ૦।
કૃષ્ણાગરૂનાં ધૂપણાં રે, સાહિબા । સમોસરણે વિરચંત–પ્રભુ૦॥૩॥
રયણ-સિંઘાસણ બેસણાં રે, સાહિબા ! જિહાં બેસૈ જગદીશ–પ્રભુ૦ ।
ઇંદ્ર કરે ઓવારણાં રે, સાહિબા ! ઇંદ્રાણી આશીષ–પ્રભુ૦॥૪॥

અપચ્છરા આવી આગલે રે, સાહિબા ! ગાવે સરલે સાદ–પ્રભુ૦ ।
નાટક નાચે નવ નવાં રે, સાહિબા ! વાજે દુંદુભિ-નાદ–પ્રભુ૦॥૫॥
કોડિ ગમે તિહાં કિંકરુ રે, સાહિબા ! દેવ ખડા દરબાર; પ્રભુ૦
દેઈ જિનેસર દેશનારે, સાહિબા ! નિસુણઈ પર્ષદા બાર–પ્રભુ૦॥૬॥
ચોત્રીશ અતિશય શોહનારે, સાહિબા ! વાણી ગુણ પાંત્રીશ–પ્રભુ૦ ।
કેવલ-કમલા શ્રીપતિરે, સાહિબા ! તીન ભુવનનો ઈશ–પ્રભુ૦॥૭॥
તીર્થંકર-ઋદ્ધિ ભોગવે રે, સાહિબા ! પામ્યા અવિચલ ઠામ;-પ્રભુ૦
**માણેક**ની પ્રભુ પૂરે રે સાહિબા ! સકલ આશા હિત કામ–પ્રભુ૦॥૮॥

## કર્તા : શ્રી દીપવિજયજી મ.

### (સોના રૂપાનું મારું બેડલું રે લો-એ દેશી)

શિવ તિલક પતિ વંદીયેં રે લો, ત્રિવિધિં શ્રી મુનિચંદ-મારા વાલા રે લો ।
ચંદ્ર વદન રલીયામણું રે લો, ભવિ-જન નયણાનંદ-મારા વાલા રે લો૦ ॥૧॥
બલિહારી જાઉં નામની રે લો, નામે કોડ કલ્યાણ-મારા૦ ।
ઇષ્ટ સંજ્ઞા ન મલે નામથી રે-લો, નામે સફલ સુ-વિહાણ-મારા૦બલિ૦ ॥૨॥
બીજા વિમાન થકી ચવી રે લો, દીહબાહુ નિર્ગ્રંથ–મારા૦ ।
ચંદ્રપુરીમેં ઉપનો રે લો, સાધવા મુગતિનો પંથ–મારા૦બલિ૦ ॥૩॥
[1]અલી અનુરાધાયે જયો રે લો, દેવ ગણ જોનિ [2]મૃગરાજ–મારા૦ ।
મહાવ્રત ગ્રહી ત્રણ માસનું રે લો, મૌન ગ્રહ્યું શિરતાજ–મારા૦ બલિ૦ ॥૪॥
નાગ વૃક્ષે થયા કેવલી રે લો, મુનિવર સાથે હજાર–મારા૦ ।
પરમાનંદ પદને વરી રે લો, દીપાવી શિવ-નાર–મારા૦બલિ૦ ॥૫॥

૧. વૃશ્ચિક રાશિ ૨. સિંહ

## કર્તા : શ્રી ધર્મકીર્તિગણિ મ.

ચંદપ્પહ ચંદપ્પહ (૧) ત્ર્યાણું ગણધાર (૨),
શશિલંછન (૩) પૂરવ દસ લખ જીવિઅ સાર (૪) ।
વર સાવિઅ ચઉ લક્ખ ઉપરિ સહસ ઈકાણું (૫),
સાહુણી તિગ લક્ખા સહસ અસીઈ વખાણું (૬) ॥૧॥
વખાણું ચારિ તિઆ લખ [1]દુગ સહસ [2]પન્ન સંજુત્ત (૭),
વૈજયંતથી ચવિયઉ સામી (૮) અણુંરાધા નક્ખત્ત (૯) ॥
ચંદ્રપુરી (૧૦) મહસેણ નરાહિવ (૧૧) દેવી લક્ખણા નંદ (૧૨),
સોમદત્ત ધરિ પારણ હૂઅઉ (૧૩) સુર-નર-મનિ આણંદ. ॥૨॥
દઉઢસય ધણુ (૧૪) [3]સિઅ નિરુપમ-લક્ખણ દેહ (૧૫),
સેવઈ જવાલાસુરી (૧૬) વિજય જક્ખ સસનેહ (૧૭) ।
તહ સાવય દુગ લખ ઉપરિ સહસ [4]પંચાસ (૧૮),
વૃશ્ચિક રાશિઇં (૧૯) પ્રભુ ગુણ ગણ મહિમા વાસ ॥૩॥
મહિમા વાસ કરમ હણી જગગુરૂ સંમેતઈ શિવપત્ત (૨૦),
ચંદ્ર પુરીયે કેવલ પામ્યું (૨૧) છઠ તવઈ ચારિત્ત (૨૨) ।
સિરિ સુપાસ ચંદપ્પહ અંતર, સાયર નવસય કોડી (૨૩),
નાગ ચૈત્યતરૂ (૨૪) સોહઈ, ચઉવિહ સુર પણમઇ કરજોડી. ॥૪॥

---

૧. બે ૨. પંચાશ ૩. સફેદ ૪. પચાશ

## કર્તા : શ્રી સ્વરૂપચંદજી મ.

### (દેશી આછેલાલની)

ચંદ્રપ્રભ જિનરાજ, મનમોહના માહારાજ-આછે લાલ !
અતિશય-પતિ જિન આઠમોજી !
સકલ-કુશલની વેલ તન મંગલ ઠેલ—આછે લાલ !
વર પુષ્કર જલધર સમોજી ॥૧॥
દુરિત-તિમિર-વિધ્વંસ, નિરમલ ગયણે [1]હંસ-આછે લાલ !
જ્ઞાનાવરણ નિવારવાજી, સાગર કોડા કોડ !
ત્રીસ વળી થિતિ જોડ—આછે લાલ ! ખય કરી કેવલ ધારવાજી ॥૨॥
સુરતરૂવર ઓપમાન, આપણ મોક્ષ નિદાન-આછે લાલ !
નર-સુર સુખ અનુક્રમે લહીજી !
ભવ જલ સાયર તાર ! પોહોચાવણ પરંપરા-આછે લાલ !
મુક્તિ - મન [2]પ્રવહણ સહીજી ॥૩॥
સુખ-સંપતિ ગુણ હેત, શશી-લંછન તનુ શ્વેત-આછે લાલ !
ચંદ્ર પ્રભ જિન જગતપતિ જી !
મન-તનુ-વચન એકત્વ, કરી ધ્યાને નિજ તત્વ-આછે લાલ !
જિમ પામ્યો પંચમ ગતિજી ॥૪॥
તાપ હરણ જિમ ચંદ્ર, જિવ તમ-હરણ [3]દિણંદ-આછે લાલ !
તિમ ભવહર જિમ સંભવેજી !
સૌભાગ્યચંદ્ર ગુરૂરાય, પામી તાસ પસાય-આછે લાલ !
**સ્વરૂપચંદ** ઇંમ વિનવેજી ॥૫॥

---

૧. સૂર્ય ૨. વહાણ ૩. સૂર્ય

## કર્તા : શ્રી જશવિજયજી મ.

(અંતરજામી હો કે શિવપુરી-ગામી, મારા લાલ-એ દેશી)

ચંદ્રપ્રભની હો ! કે સેવા કીજે-મારા લાલ,
અવસર પામી હો ! કે લાહો લીજે-મારા લાલ ।
દિલભર[૧]-દિલશું હો કે સાહિબ રીઝે—મારા૦
વેગે વંછિત હો ! કે કારજ સીઝે—મારા૦...॥૧॥

દશ-દષ્ટાંતે હો ! કે દુર્લભ જાણી—મારા૦
પુનરપિ સુલભ હો ! કે નહિ ભવિ-પ્રાણી—મારા૦
મણુય-જનમ છે હો ! કે ગુણની ખાણી—મારા૦
પ્રભુ પદ સેવી હો ! કે કરો કર્મ-હાણી—મારા૦...॥૨॥

શ્રદ્ધા સાચી હો ! કે ચિત્તમાં આણી—મારા૦
કર્ણ-[૨]કચોલે હો ! કે પીઓ જિન-વાણી—મારા૦
જિન-ગુણ-[૩]ગાણી હો ! કે મુગતિ-[૪]સેનાની-મારા૦
ભગતિ જુગતે કરી હો ! કે લીજે તાણી-મારા૦...॥૩॥

ભવ-ભવ ભમતાં ! હો ! કે પ્રભુ ! મુજ મલીયો-મારા૦
આજ મનોરથ હો ! કે સવિ મુજ ફલીયો-મારા૦
કર્મ-પ્રબલથી હો ! કે થયો હું [૫]ગલીયો-મારા૦
હવે તુમ [૬]સાહ્યો હો ! કે હોઈશ બલીયો—મારા૦...॥૪॥
દુશ્મન દૂરે હો ! કે પ્રભુજી ! વારો-મારા૦
ભવ-સાગરથી હો ! કે સાહિબ ! તારો-મારા૦
શ્રી ખિમાવિજય-ગુરુ હો ! કે દિલમાં ધારો-મારા૦
કહે જશ વહેલે હો ! કે પાર ઉતારો !—મારા૦...॥૫॥

૧. ઉમંગવાળા ચિત્તથી ૨. પ્યાલીથી ૩. સ્તુતિ ૪. સેનાપતિ ૫. ઢીલો ૬. પકડયે થકે

## કર્તા : શ્રી જ્ઞાનવિમલસૂરીજી મ.

(રાગ-મુજરો નયણારો-એ દેશી)

શ્રીચંદ્રપ્રભ-જિનરાજજી, ચંદ્રપુરી જશવાસ ।
ચંદ્રકિરણથી ઉજલો રે, કાંઈ ! પ્રસર્યો જગે જશવાસ,
મુજરોછે મ્હારો-સુણ જિનરાજ !-સવિ શિરતાજ -સવિ મુજ કાજ -સીધલા આજ–મુજરો૦।।૧।।

ચંદ્રલંછન ચંદ્ર-રૂચિ વાન, કાંઈ ! ચંદ્ર-શીતલ દીદાર–મુજરો૦
સૂરતિ સુંદર સોહિએ રે, ત્રિભુવન-મોહનગાર–મુજરો૦।।૨।।

જિણ દિનથી તુમને શિર ધર્યા રે, કાંઈ ! તિણ દિનથી જયકાર–મુજરો૦
કલ્પતરૂ ઘર-આંગણે રે, કાંઈ તિહાં નહિ દુઃખ-સંસાર-મુજરો૦।।૩।।

જિણે કાનને રહે કેશરી રે, કાંઇ તિહાં નહિ દુષ્ટ-પ્રચાર–મુજરો૦
જિહાં દિનકર-કર વિસ્તરે રે, કાંઈ તિહાં નહિ તિમિર-વિકાર–મુજરો૦।।૪।।

ભુજંગપરાભવ તિહાં નહિ રે, કાંઈ જિહાં કરે મોર કિંગાર–મુજરો૦
તિહાં દુર્ભિક્ષ ન વિસ્તરે રે, કાંઈ જિહાં પુષ્કરજલધાર–મુજરો૦।।૫।।

તિણ પરે પ્રભુ તુમ્હે ચિત્તવશે રે, કાંઈ ન રહે પાપ લગાર–મુજરો૦
મહસેનનૃપ કુલચંદલો રે, કાંઈ લક્ષ્મણામાત-મલ્હાર–મુજરો૦।।૬।।

અઠમચંદ્ર સવિ સુખકરુ રે, કાંઈ અચરિજ એહ ઉદાર–મુજરો૦
નયન-ચકોરા ઉલ્લસ્યા રે, કાંઈ નિરખી તુમ દિદાર–મુજરો૦।।૭।।

**જ્ઞાન-વિમલ** ચઢતી કળા રે, કાંઈ તાહરી અ-ક્ષય અ-પાર–મુજરો૦
અનુભવ-સુખ સહેજે મિલે રે, કાંઈ એહ પ્રભુ-ઉપગાર–મુજરો૦।।૮।।

## કર્તા : શ્રી ગુણવિલાસજી મ.

(રાગ-રામકલી)

ચંદ્ર પ્રભ ઉર આન હો ! ભવિકજન ! ચંદ્ર૦ ।
દરસન-ચંદનતેં અતિ-શીતલ, ઉજવલ ચદ્ર સમાન હો—ભવિક૦॥૧॥
ચંદ્ર સરાગી પ્રભુ નિરાગી, જાગત-જ્યોતિ અમાન હો—ભવિક૦॥૨॥
રાહુ મલિન કરે નિત રાશિકો, સોયે ધરે પ્રભુ-ધ્યાન હો—ભવિક૦॥૩॥
સદા ઉદિત સંપૂરણ સ્વામી, [1]વાકે કલા વડ્ઢિ-હાનિ હો—ભવિક૦॥૪॥
નિરખત અનુપમ અમૃત વરસે, મોહ-તિમિર-હર ભાન હો—ભવિક૦॥૫॥
**ગુણવિલાસ** પ્રભુકે ચરનાંબુજ, સેવે સુરરાજન હો—ભવિક૦॥૬॥

૧. ચંદ્રને

## કર્તા : શ્રી જગજીવનજી મ.

(અરણીક મુનીવર ચાલ્યા ગોચરી-એ દેશી)

ચંદ્રપ્રભ જિન જગ-જન-ભયહરુ, ચંદ્રવરણ જગતાતોજી ।
પરમ વિવેકી [1]પરમાગમપતિ, કઠિણ કરમ કરી ઘાતોજી—ચંદ્રપ્રભ૦॥૧॥
કાલ અનંતો ભમતાં પામીયો, મનુજ-જનમ અવતારોજી ।
દશ દૃષ્ટાંતે રે દુર્લભ તે સહી, [2]મુક્તિગમન ગતિ વારોજી—ચંદ્રપ્રભ૦॥૨॥
પરમાનંદી [3]શ્રોત્રે શાંભલ્યો, દૃષ્ટિ વિલોકન જાણ્યોજી ।
અંતરગતિથી રે એક ચિત્તે કરી, ભક્તિવચ્છલતા નાણોજી—ચંદ્રપ્રભ૦॥૩॥
તે ધન કરમેં રે કરીનેં જગતમાં, ભ્રમણ કરી દીન પ્રાણી જી ।
આણંદ ધનનો રે [4]અવગમ આપનો, ભણીયો નહી તે જાણો જી—ચંદ્રપ્રભ૦॥૪॥
પતિત-પાવન જિન બિરુદ વહો તુમે, પતિત પતે ભવ તારો જી ।

ધ્યાનારુઢે રે જિનપદ પામશે, તે ઉપગાર તમારો જી—ચંદ્રપ્રભ૦ાાપાા
અરજ કરી [5]અઘ-ઘન-પટલ ટાલવા, (અવયવ) (વાયુસમ) સુખનો સાથી જી।
નિશ્ચે નયથી રે જે જન જાણસ્યે, હૃદયભિંતર નિજ નાથોજી—ચંદ્રપ્રભ૦ાા૬ાા
વિનતી કીધી રે વિનય-વિવેકસું, **જગજીવનજિન** સ્વામી જી ।
સંપતિ કરજ્યો હરજ્યો આપદા, નાથ, નમું શિર નામી જી-ચંદ્રપ્રભ૦ાા૭ાા

૧. શ્રેષ્ઠ શાસ્ત્રોના સ્વામી ૨. મોક્ષ ગમન દ્વારા સંસાર ટાળો ૩. કાનથી ૪. જ્ઞાન ૫. પાપરૂપ ગાઢ વાદળના સમૂહને

## કર્તા : શ્રી જિનહર્ષજી મ.

(રાગ-સામેરી)

ચંદ્રપ્રભ અષ્ટ-કરમ-ક્ષય-કારી । આપ તરી ઓરનકું તારે,
આપણો બિરૂદ વિચારી—ચંદ્ર૦ાા૧ાા
જિન-મુદ્રા સુપ્રસન્ન પ્રભુજીકી, ઉલસત નયનાં નિહારી ।
સુંદર સુરતિ મૂરતિ ઉપરે, જાઉં હું બલિહારી—ચંદ્ર૦ાા૨ાા
ઐસી તનકી છબી ત્રિભુવન મેં, ઓર કિસી નહી ધારી ।
તોહી ચરણ જિનહર્ષ ન તજીયે, દુખીયનકું ઉપગારી—ચંદ્ર૦ાા૩ાા

## કર્તા : શ્રી યશોવિજયજી મ.

(રાગ-રામગ્રી)

શ્રી ચંદ્રપ્રભ જિનરાજ રાજે, વદન પુનમ ચંદ રે ।
ભવિક લોક-ચકોર નિરખત, લહે પરમાનંદ રે—શ્રી ચંદ્ર૦ાા૧ાા
મહમહે મહિમાએં જસભર, સરસ જિમ અરવિંદરે ।

રણઝણે કવિજન ભમર રસિયા, લહી સુખ મકરંદરે—શ્રી ચંદ્ર૦।।૨।।
જસ નામે દોલત અધિક દીપે, ટલે [૧]દોહગ-દંદરે ।
જસ ગુણ-કથા ભવ[૨]-વ્યથા ભાંજે, ધ્યાન શિવતરૂ-કંદરે—શ્રી ચંદ્ર૦।।૩।।
વિપુલ હૃદય વિશાલ ભુજ-યુગ, [૩]ચલતી ચાલ ગયંદરે ।
અ-તુલ અતિશય મહિમ-મંદિર, પ્રણત સુરનર-વૃંદરે—શ્રી ચંદ્ર૦।।૪।।
મૈં હૂં દાસ ચાકર પ્રભુ ! તેરો, શિષ્ય તુજ [૪]ફરજંદ રે ।
**જશવિજય** વાચક ઈમ વિનવે, ટાલો મુજ ભવ-ફંદરે—શ્રી ચંદ્ર૦।।૫।।

---

૧. દુઃખના જોડલાં, (માન-અપમાન, ઠંડી-ગરમી, ભૂખ-તરસ આદિ) ૨. સંસારની પીડા ૩. ગતિ ૪. હૈયા સંબંધવાળો

## કર્તા : શ્રી ન્યાયસાગરજી મ.

શ્રી ચંદ્રપ્રભ-જિનરાજ, ઉદિત મન અંબરે હો ! લાલ—ઉદિત૦
વદને જિત-દ્વિજરાજ[૧], રહ્યો સેવા કરે હો ! લાલ—રહ્યો૦...।।૧।।
લંછન મિસિ નિતુ પાસ, રહ્યો કરે વિનતિ હો ! લાલ—રહ્યો૦
નિત્ય ઉદય નિષ્કલંક, કરો મુજ જિનપતિ હો ! લાલ—કરો૦...।।૨।।
શ્રી મહસેન નરેશ, કુલાંબુજ ચંદ્રમા હો ! લાલ—કુલાં૦
લક્ષ્મણા માત મલ્હાર, જિણંદ છો આઠમા હો ! લાલ—જિણંદ૦...।।૩।।
[૨]વિધુરૂચિ દેહ અનેહ, અ-ગેહ અ-સંગ છે હો ! લાલ—અગેહ૦
આઠમો ચંદ ને સુખકર, અચરિજ એહ છે હો ! લાલ—અચ૦...।।૪।।
આઠ કર્મના નાશ, કરી અડસિદ્ધિ લહ્યા હો ! લાલ—કરી૦
**ન્યાયસાગર** કવિરાયે, પ્રભુના ગુણ કહ્યા હો ! લાલ—પ્રભુ૦...।।૫।।

---

૧. ચંદ્ર ૨. ચંદ્ર જેવી કાંતિવાળો

# શ્રી ચંદ્રપ્રભસ્વામીની થોય

## શ્રી વીરવિજયજી કૃત થોય

ચંદ્રપ્રભુ મુખ ચંદ્રમા, સખિ જોવા જઈએ;
દ્રવ્ય ભાવ પ્રભુ દરિસણે, નિર્મલતા થઈએ;
વાણી સુધારસ વેલડી, સુણીએ તતખેવ;
ભજે ભદંત ભ્રૂકુટિકા, વીરવિજય તે દેવ

## શ્રી પદ્મવિજયજી કૃત થોય

સેવે સૂરવર વૃંદા, જાસ ચરણારવિંદા,
અઠમ જિન ચંદા, ચંદવર્ણ સોહંદા;
મહસેન નૃપ નંદા, કાપતા દુઃખ દંદા,
લંછન મિષ ચંદા, પાય માનું સેવિંદા.



## અમૃત કણ

- જિન ભક્તિએ જે ન સીધ્યું, તે બીજા કશાથી ન સીઝે.
- અરિહંત મળ્યા પછી અરિહંતની કદર કેટલી એમની પાછળ ઘેલા થઈ જઈએ ખરા ?
- "નિગોદમાંથી અહીં સુધી ઉંચે આવ્યા એ અરિહંતની કૃપાથી" આ ભાવથી ભગવંત પરનો કૃતજ્ઞત્તા ભાવ જીવંત રાખો.
- જૈનધર્મનું ભવાંતરમાં રિઝર્વેશન કરાવવું હોય તો અરિહંતની પાછળ પાગલ બની જાવ.
- પરમાત્માની વંદનામાં એકાકારતા એ મહાયોગ છે.

ન્યાયવિશારદ, વર્ધમાન તપોનિધિ પૂજયપાદ આચાર્ય
શ્રી ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ

# શ્રી ચંદ્રપ્રભુ સ્વામીની જીવન ઝલક

| | | | |
|---|---|---|---|
| પિતાનું નામ | : મહાસેન રાજા | માતાનું નામ | : લક્ષ્મણામાતા |
| જન્મ સ્થળ | : ચંદ્રપુરીનગરી | જન્મ નક્ષત્ર | : અનુરાધા |
| જન્મ રાશી | : વૃશ્ચિક | આયુનું પ્રમાણ | : ૧૦ લાખ પૂર્વ |
| શરીરનું માપ | : ૧૫૦ ધનુષ | શરીરનું વર્ણ | : શ્વેતવર્ણ |
| પાણિ ગ્રહણ | : વિવાહીત | કેટલા સાથે દીક્ષા | : ૧,૦૦૦ સાધુ |
| છદમસ્થ કાળ | : ૩ માસ | દીક્ષા વૃક્ષ | : નાગ વૃક્ષ |
| ગણધર સંખ્યા | : ૯૩ | આયુનું પ્રમાણ | : ૧૦ પુરીનગરી |
| સાધુઓની સંખ્યા | : ૨,૫૦ ધનુષ | શરીરનું વર્ણ | : શ્વેત ,૦૦૦ |
| શ્રાવકની સંખ્યા | : ૨,૫૦,૦૦ | કેટલા સાથે દીક્ષા | : ૧,૦૦૦૦૦ |
| અધિષ્ઠાયક યક્ષ | : વિજય ય | દીક્ષા વૃક્ષ | : નાગ |
| પ્રથમ ગણધરનું નામ | : દીન | જ્ઞાન નગરી | : ુના |
| મોક્ષ આસન | : કાઉસ્સગ | ભવ સંખ્યા | : ત્રણ ભવ |
| ચ્યવન કલ્યાણક | : ચૈત્ર વદિ ૫ | જન્મ કલ્યાણક | : પોષ વદિ ૧૨ |
| દીક્ષા કલ્યાણક | : પોષ વદિ ૩ | કેવલજ્ઞાન કલ્યાણક | : ફાગણ વદિ ૭ |
| મોક્ષ કલ્યાણક | : ભાદરવા વદિ ૭ | મોક્ષ સ્થાન | : સમેતશિખર |

મુદ્રક : રોનક ઓફસેટ - અમદાવાદ. ફોન : ૦૭૯-૬૬૦૩૯૦૩